dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-303 | AD-2026, Ashadh Vad-10 | Saturday, Dt. 08-08-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### સમગ્ર પાકિસ્તાન અને તુર્કીથી લઈને ચીનના મોટાભાગના મુખ્ય ભૂમિભાગોને પોતાના દાયરામાં આવરી લેશે

# ભારતે અગ્નિ ૪ મિસાઈલનુ સફળ પરિક્ષણ કરી વિરોધીઓની આપી ચેતવણી

નવી દિલ્હી,તા.૦૭

ભારતના સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ (SFC) દ્વારા તાજેતરમાં ઈન્ટરમીડિએટ રેન્જ બેલિસ્ટિક મિસાઈલ 'અગ્નિ-૪'નું સફળ યુઝર ટ્રાયલ (વપરાશકર્તા પરીક્ષણ) હાથ ધરવામાં આવ્યું છે. આ અગ્નિ-૪ મિસાઈલનું દસમું અને સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ દ્વારા હાથ ધરવામાં આવેલું છઠ્ઠું સફળ પરીક્ષણ છે. આ પરીક્ષણ એવા સમયે યોજાયું છે જ્યારે એશિયા ક્ષેત્રમાં મિસાઈલ સ્પર્ધા તીવ્ર બની રહી છે અને પરમાણુ અવરોધક ક્ષમતા (ન્યુક્લિયર ડિટરન્સ) વધુને વધુ ગતિશીલતા, ક્ષમતા, યુદ્ધસજ્જતા અને આત્મરક્ષણ સાથે જોડાયેલી છે.આ પ્રક્ષેપણનું સૌથી મહત્વપૂર્ણ પાસું એ છે કે તે માત્ર એક વિકાસલક્ષી ચકાસણી નહોતી, પરંતુ પહેલાથી જ ભારતીય લશ્કરમાં સામેલ કરાયેલી મિસાઈલ સિસ્ટમની સંપૂર્ણ કાર્યાત્મક સજ્જતાનું નિર્દર્શન હતું. વિકાસલક્ષી પરીક્ષણો એ સાબિત કરે છે કે ઈજનેરોએ એક કાર્યાત્મક મિસાઈલ વિકસાવી છે, જ્યારે વપરાશકર્તા પરીક્ષણો એ પુષ્ટિ કરે છે કે લશ્કરી એકમો સ્થાપિત પ્રક્રિયાઓ હેઠળ મિસાઈલનું સરળતાથી સંચાલન કરી શકે છે. જ્યારે સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ આવા લોન્ચ યોજે છે, ત્યારે તે દર્શાવે છે કે આ સિસ્ટમ અત્યંત વિશ્વસનીય, તૈનાત કરવા યોગ્ય અને જરૂર પડે ત્યારે ક્ષણવારમાં ઉપયોગ માટે ઉપલબ્ધ છે. અગ્નિ-૪ મિસાઈલની સૌથી મોટી ક્ષમતા તેની ૪,૦૦૦ કિલોમીટરની





પ્રહાર મર્યાદા (રેન્જ) અને તેને શોધવામાં રહેલી મુશ્કેલી છે. ૪,૦૦૦ કિમીની આ વિશાળ રેન્જ સાથે, જો આ મિસાઈલને ઉત્તર-પૂર્વ અથવા પૂર્વ ભારતમાં તૈનાત કરવામાં આવે, તો તે સમગ્ર પાકિસ્તાન અને તુર્કીથી લઈને ચીનના મોટાભાગના મુખ્ય ભૂમિભાગોને પોતાના દાયરામાં આવરી લે છે. આ મિસાઈલ રોડ-મોબાઈલ છે અને તેને ટ્રાન્સપોર્ટર-ઈરેક્ટર-લોન્ચર (TEL) પરથી લોન્ચ કરી શકાય છે. ફિક્સ્ડ સિલોમાં રાખવામાં આવેલી મિસાઈલોથી વિપરીત, આ પ્રકારની મોબાઈલ સિસ્ટમ્સને વિશાળ વિસ્તારમાં તૈનાત કરી, મુક્તપણે ખસેડી અને સરળતાથી છુપાવી શકાય છે. આજના આધુનિક ઉપગ્રહો, લાંબા અંતરના ડ્રોન અને સતત દેખરેખના યુગમાં યુધ્ધ દરમિયાન ટકી રહેવાની ક્ષમતા (સર્વાઈવેબિલિટી) એક વિશ્વસનીય પરમાણુ અવરોધ માટે અત્યંત આવશ્યક બની ગઈ છે.આ મિસાઈલ ભારતીય મિસાઈલ ટેકનોલોજીની પરિપક્વતાનું પ્રતીક છે. અગ્નિ-૪ માં કમ્પોઝિટ રોકેટ મોટર્સ, રિંગ લેઝર ગાયરો આધારિત અદ્યતન ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમ, માઈક્રો-નેવિગેશન સિસ્ટમ્સ અને આધુનિક એવિઓનિક્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ તકનીકોએ ભારતના બેલિસ્ટિક મિસાઈલ કાર્યક્રમને એક નવા યુગમાં ધકેલી દીધો છે અને તેની નિશાન સાધવાની ચોકસાઈ તથા રડાર સિગ્નેચર ઘટાડવાની ક્ષમતામાં અભૂતપૂર્વ વધારો કર્યો છે. આ સફળ પ્રક્ષેપણ દ્વારા ભારતે પ્રદેશમાં કોઈ અસ્થિરતા નહીં પણ સ્થિરતા, નિશ્ચિતતા અને પોતાની મજબૂત વ્યૂહાત્મક સ્વાયત્તતાનો સ્પષ્ટ સંદેશ આપ્યો છે. આ પરીક્ષણ સાબિત કરે છે કે ભારતનું ન્યુક્લિયર કમાન્ડ ઓથોરિટી, કમાન્ડ નેટવર્ક, જાળવણી પ્રક્રિયાઓ અને ઓપરેશનલ ક્રૂ કોઈપણ ક્ષણે દેશની સુરક્ષા માટે સંપૂર્ણપણે સજ્જ છે.

# સંસદનું ખાસ સત્ર બોલાવી સીમાંકન અને મહિલા અનામત બિલ માટે સરકાર સજ્જ

નવી દિલ્હી,તા.૦૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ NDA સાંસદો સાથેની મહત્વપૂર્ણ બેઠકમાં સંકેત આપ્યો છે કે સરકાર પાસે સીમાંકન અને મહિલા અનામત બિલ પસાર કરવા માટે જરૂરી સમર્થન ઉપલબ્ધ છે.

આ મહત્વપૂર્ણ બિલોને મંજૂરી અપાવવા માટે ૧૫ ઓગસ્ટ પછી સંસદનું ખાસ સત્ર બોલાવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. વડાપ્રધાને સાંસદોને ખાતરી આપી હતી કે સીમાંકન પ્રક્રિયા દરમિયાન



તમામ મતવિસ્તારોના હિતોનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવશે. બીજી તરફ, દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) એ પણ કેટલીક ચોક્કસ શરતો સાથે સરકારને ટેકો આપવાનો સંકેત આપ્યો છે. DMK ની ત્રણ મુખ્ય માંગણીઓ છે: ૧૯૭૧ની વસ્તી ગણતરી આધારિત બેઠકોની સીમા મર્યાદા આગામી ૨૫ વર્ષ સુધી લંબાવવી, તમામ રાજ્યો માટે લોકસભા બેઠકોમાં એકસમાન ૫૦% નો વધારો કરવો, અને નવા કાયદામાં જ દરેક રાજ્યની સુધારેલી બેઠકોની યાદી સ્પષ્ટપણે દર્શાવવી. આ બેઠકમાં વડાપ્રધાને તમામ સાંસદોને જન-ઝેડ અને યુવાનો સાથે સતત સંવાદ સાધવા, ગરીબો તેમજ ખેડૂતોના પ્રશ્નો સાંભળી તેના ઉકેલ લાવવા અને સંસદની કામગીરી સુચારુ રીતે ચલાવવા આહ્વાન કર્યું હતું.

તેમણે સ્વસ્થ રહીને દેશ સેવા કરવા માટે સાંસદોને નિયમિત યોગ અને કસરત કરવાની સલાહ આપી હતી.

# હિમાચલ પ્રદેશમાં ચોમાસા દરમ્યાન ૧૪૨ લોકોના મોત, રૂ.૭૯૭ કરોડનું નુકસાન

શિમલા,તા.૦૭

હિમાચલ પ્રદેશમાં આ વર્ષનું ચોમાસું અત્યંત વિનાશકારી સાબિત થઈ રહ્યું છે. સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના અહેવાલ મુજબ, ૩૦ જૂનથી ૬ ઓગસ્ટ દરમિયાન ચોમાસાની આફતો અને માર્ગ અકસ્માતોમાં ૧૪૨ લોકોના મોત થયા છે તથા ૨૨૪ લોકો ઘાયલ થયા છે.

૧૪૨ મૃત્યુમાંથી ૬૪ લોકોના મોત ભૂસ્ખલન, પૂર અને વીજળી પડવા જેવી કુદરતી હોનારતમાં થયા



છે, જ્યારે ૭૮ લોકો માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવી બેઠા છે. આ સમયગાળા દરમિયાન રાજ્યને અંદાજે રૂ.૭૯૭.૮૭ કરોડનું ભારે આર્થિક નુકસાન થયું છે.સતત વરસાદને કારણે ૧૨૦થી વધુ રસ્તાઓ બંધ થઈ ગયા છે, ૩૯ વીજ ટ્રાન્સફોર્મર ઠપ થયા છે અને ૬૦ પીવાના પાણીની યોજનાઓ પ્રભાવિત થઈ છે. સાથે જ અનેક મકાનો, દુકાનો અને ખેતીલાયક જમીનને પણ મોટું નુકસાન થયું છે. હવામાન વિભાગે (IMD) ૧૧ ઓગસ્ટ સુધી કાંગડા, કુલ્લુ, મંડી અને સિરમૌર જેવા જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદનું 'ઓરેન્જ એલર્ટ' અને અન્ય વિસ્તારો માટે 'યલો એલર્ટ' જારી કર્યું છે. શિમલા હવામાન કેન્દ્રના જણાવ્યા મુજબ ૧૨ ઓગસ્ટ પછી જ વરસાદી ગતિવિધિમાં ઘટાડો થવાની શક્યતા છે.

વહીવટીતંત્રે તમામ નાગરિકોને નદી-નાળા અને ભૂસ્ખલન-સંભવિત વિસ્તારોથી દૂર રહેવાની ખાસ અપીલ કરી છે.

### NEET UG ૨૦૨૬ પેપર લીક કેસ

# CBIની ચાર્જશીટમાં ડિજિટલ પુરાવા સાથે મોટો ખુલાસો

નવીદિલ્હી,તા.૦૭

નીટ યુજી (NEET UG) ૨૦૨૬ પેપર લીક કેસમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં ડિજિટલ અને ફોરેન્સિક પુરાવાઓના આધારે મોટો ખુલાસો થયો છે. CBIએ ૧૩ આરોપીઓ વિરુદ્ધ સ્પેશિયલ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે, જેમાં નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ના વિષય નિષ્ણાંતોની સીધી સંડોવણી સામે



આવી છે.તપાસ અનુસાર, પુણે સ્થિત NTA પેનલના નિષ્ણાતો પી.વી. કુલકર્ણી (રસાયણશાસ્ત્ર), મનીષા ગુરુનાથ માંધારે (પ્રાણીશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર) અને મનીષા સંજય હવાલદાર (ભૌતિકશાસ્ત્ર)એ પરીક્ષા પ્રક્રિયાની ખામીઓનો દુરુપયોગ કરીને ગુપ્ત પ્રશ્નો મેળવ્યા હતા. કુલકર્ણીએ પુણેમાં પોતાની રહેણાંક સોસાયટીની એન્ટ્રી એપ અને બાયોમેટ્રિક ડેટા દ્વારા વિદ્યાર્થીઓ તથા વાલીઓની હાજરી સુનિશ્ચિત કરી એપ્રિલ માસમાં ખાસ કોચિંગ વર્ગો ચલાવ્યા હતા. બ્યુટિશિયન મનીષા વાઘમારે દ્વારા આ વર્ગોમાં મોકલાયેલા વિદ્યાર્થીઓને પ્રશ્નો નોટબુકમાં લખાવવામાં આવ્યા હતા, જે બાદમાં મધ્યસ્થીઓ દ્વારા રાજસ્થાન અને હરિયાણા સુધી પહોંચાડાયા હતા. દિલ્હી યુનિવર્સિટીની નિષ્ણાત પેનલના વિશ્લેષણમાં લીક થયેલી સામગ્રી અને નીટના પ્રશ્નપત્રો વચ્ચે ૮૫% સુધીનું સામ્ય મળી આવ્યું હતું. CBIના જણાવાયા મુજબ, NTAની ઓખલા સ્થિત ઓફિસમાં પેપર સેટિંગ દરમિયાન આરોપીઓએ પ્રશ્નોની નાની ટૂંકી નોંધો બનાવી અને યાદ રાખીને હોટેલમાં પુનઃ તૈયાર કર્યા હતા. ત્યારબાદ કોચિંગ સેન્ટરના સંચાલક શિવરાજ મુટગાંવકરે કુલકર્ણી પાસેથી મધ્યસ્થી મારફતે આ પ્રશ્નપત્રો મેળવીને નક્કી કરેલી ફી વસૂલી પોતાના વિદ્યાર્થીઓને વહેંચ્યા હતા.

# ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં જર્જરિત મકાન ધરાશાયી: ૬ લોકોના મોત બાદ તંત્ર હરકતમાં


લખનૌ,તા.૦૭

ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં ભારે વરસાદને લીધે ૧૦૦ વર્ષ જૂનું મકાન ધરાશાયી થતાં એક જ પરિવારના ૬ લોકોના મોત થયા છે. આ ઘટના બાદ સરકારે પીડિત પરિવાર માટે રૂ.૨૬.૨૦ લાખની નાણાકીય સહાય મંજૂર કરી છે. મુખ્યમંત્રીના નિર્દેશથી વહીવટીતંત્રે ૪૫૧ જર્જરિત મકાનોની ઓળખ કરી સાત દિવસનું ખાસ અભિયાન શરૂ કર્યું છે. ભવિષ્યની હોનારત રોકવા ૩૦૪થી વધુ લોકોને સુરક્ષિત આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા છે.









# અમરેલી જિલ્લામાં ખરીફ-૨૦૨૬ની વાવેતર પ્રક્રિયા પૂર્ણતાના આરે

**અમરેલી તાલુકામાં કપાસ અને ધારી તાલુકામાં મગફળીનુ સૌથી વધુ વાવેતર**

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં ખરીફ-૨૦૨૬ ઋતુ અંતર્ગત તારીખ ૦૭-૦૮-૨૦૨૬ સુધીના આંકડા મુજબ જિલ્લામાં કુલ ૫,૫૬,૧૦૯ હેક્ટર વિસ્તારમાં વિવિધ પાકોનું વાવેતર નોંધાયું છે.

ચાલુ વર્ષે પણ ખેડૂતોએ રોકડિયા પાક એવા કપાસ અને મગફળી પર સૌથી વધુ પસંદગી ઉતારી છે.સમગ્ર જિલ્લામાં કપાસનું સૌથી વધુ ૨,૭૮,૫૯૪ હેક્ટર અને મગફળીનું ૨,૨૫,૧૪૧ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. તાલુકાવાર આંકડાઓ મુજબ સાવરકુંડલા તાલુકામાં સૌથી વધુ ૮૩,૯૭૧ હેક્ટરમાં વાવેતર થયું છે, જ્યારે અમરેલી તાલુકામાં ૭૦,૩૫૧ હેક્ટર વિસ્તાર આવરી લેવાયો છે. અમરેલી જિલ્લામાં સૌથી વધુ વાવેતર ધરાવતો અમરેલી તાલુકામાં કપાસ (૪૮,૩૭૬), ધારી તાલુકામાં (૩૮,૨૮૬) હેક્ટર મગફળી, બગસરા તાલુકામાં (૯,૧૧૨) હેક્ટર સોયાબીન, સાવરકુંડલા તાલુકામાં તુવેર (૪,૭૪૧ હેક્ટર), સહિત અન્ય પાકોનું પણ નોંધપાત્ર વાવેતર થયું છે.

# લીલીયા-પૂંજપાદર રોડ પર પડેલા મસમોટા ભુવા અને ખાડાથી અકસ્માતનો ભય

લીલીયા મોટા,તા.૦૭


તસવીર : બકુલ દવે

લિલિયા મોટા ખાતે આવેલા લિલિયા-પૂંજપાદર રોડ પર શ્યામવાડીથી પૂંજપાદર વચ્ચે મસમોટો ભુવો પડી ગયો છે તેમજ સમગ્ર રસ્તા પર મોટા ખાડાઓનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. સાવરકુંડલા, ગારીયાધાર અને કાંક્ચ જેવા અનેક ગામો માટે આ રોડ જીવાદોરી સમાન છે, જ્યાંથી રોજના હજારો વાહનો પસાર થાય છે. પરંતુ ખરાબ રસ્તાના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે. રાત્રિના સમયે આ માર્ગ પર લાઈટની સુવિધા ન હોવાથી ઘોર અંધારું રહે છે, જેના લીધે અંધારામાં ખાડા અને ભુવો ન દેખાવાથી ગંભીર અકસ્માત થવાનો મોટો ભય સેવાઈ રહ્યો છે. આથી, કોઈ મોટી જાનહાની કે અકસ્માત થાય તે પહેલાં આ રોડનું તાત્કાલિક સમારકામ, સરફેસિંગ અને લાઈટોની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી સ્થાનિક રહીશ મહેશ સી. દવે અને વાહનચાલકો દ્વારા તંત્ર સમક્ષ પ્રબળ માંગ કરવામાં આવી છે.

# અમરેલી પોલીસે ૨૮ ગુનામાં સંડોવાયેલા હિસ્ટ્રીશીટર ઈરફાન ઉર્ફે ટાલકીને બોટાદથી ઝડપી પાડ્યો


સાવરકુંડલા,તા.૦૭



સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા **BNS** એક્ટ હેઠળના ગુનામાં નાસતા-ફરતા આરોપીને ચોક્કસ બાતમીના આધારે બોટાદ ખાતેથી પકડી પાડવામાં આવ્યો છે. પકડાયેલ આરોપી ઈરફાન ઉર્ફે ટાલકી મહમદભાઈ ખીમાણી (ઉં.વ. ૪૨) અમરેલી જિલ્લાનો લિસ્ટેડ પ્રોહીબિશન બુટલેગર અને હિસ્ટ્રીશીટર છે. આરોપીને ઝડપી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી માટે સાવરકુંડલા રૂરલ પોલીસને સોંપવામાં આવ્યો છે.

# સાવરકુંડલાના જેસર રોડ પર ફોલ્ડિંગ પીક-અપ સ્ટેન્ડ બનાવવા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને રજૂઆત

સાવરકુંડલા,તા.૦૭



મહુવા રોડ પર ઓવરબ્રિજનું કામ ચાલુ હોવાથી ડાયવર્ઝનના કારણે એસ.ટી. બસો જેસર રોડ પરથી પસાર થઈ રહી છે. પરિણામે, જેસર રોડ પર મુસાફરોની અવરજવર વધી ગઈ હોવા છતાં બેસવા માટે પીક-અપ સ્ટેન્ડ કે શેડ જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. આ સમસ્યાને ધ્યાને રાખી સ્થાનિક અગ્રણી મધુભાઈ નરશીભાઈ ગજેરાએ સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યા અનુસાર દરરોજ મુસાફરી કરતા વિદ્યાર્થીઓ, વેપારીઓ, નોકરીયાતો અને મહિલાઓને તડકા અને વરસાદમાં ખુલ્લામાં કે આસપાસની દુકાનોના ઓટલે બસની રાહ જોવી પડે છે. આ અસુવિધા દૂર કરવા માટે મેગા સિટીની તર્જ પર અહીં ફોલ્ડિંગ પીક-અપ સ્ટેન્ડ તથા બેસવા માટે બાંકડાની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે જરૂરી છે.ગજેરાએ એસ.ટી. નિગમ અને સંબંધિત વિભાગ સમક્ષ યોગ્ય કાર્યવાહી કરાવી આ પ્રશ્નનો વહેલી તકે ઉકેલ લાવવા માંગ કરી છે.

# રાજકોટ કોર્ટના સજા વોરંટના ગુનામાં એક વર્ષથી નાસતા આરોપીને રાજુલા પોલીસે પકડ્યો

રાજકોટ,તા.૦૭



રાજુલા પોલીસ સ્ટેશનની ટીમે એક વર્ષથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પકડાયેલ આરોપી છેલ્લા એક વર્ષથી રકમ ભરતો ન હતો અને કોર્ટની મુદતે ગેરહાજર રહેતો હતો. માનવ સંસાધનો અને ટેકનિકલ સોર્સના આધારે રાજુલા પોલીસે આરોપી ઘનશ્યામ અનાભાઈ બારૈયાને હિંડોરણા ખાતેથી પકડી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સા.કુંડલા રમતગમત સંકુલ ખાતે જિલ્લા કક્ષાની સોફ્ટબોલ સ્પર્ધામાં ગુરુકુળ શાળા વિજેતા

સાવરકુંડલા,તા.૦૭



સાવરકુંડલામાં મહુવા રોડ પર આવેલ રમતગમત સંકુલ ખાતે ૭૦મી અખિલ ભારતીય શાળાકીય રમત સ્પર્ધાનું આયોજન થયો હતો. આ સોફ્ટબોલ સ્પર્ધામાં અમરેલી જિલ્લાની વિવિધ શાળાઓમાંથી કુલ ૧૫ ટીમો ઉત્સાહથી ભાગ લીધો. અંડર-૧૪, ૧૭ અને ૧૯ ભાઈઓ તથા બહેનોની સ્પર્ધામાં સ્વામિનારાયણ ગુરુકુળ પ્રથમ નંબરે આવી હતી, જ્યારે એ. કે. ઘેલાણી માધ્યમિક વિદ્યાલય બીજા નંબરે રનર અપ રહી હતો.આ કાર્યક્રમમાં જિલ્લા રમતગમત અધિકારી પૂનમ મેડમ, કોચ દીપકભાઈ વાળા, ઝાલા દિગ્વિજયસિંહ અને આચાર્ય દીપેશભાઈ પંડ્યાએ માર્ગદર્શન આપ્યા હતા. શાસ્ત્રી ભગવત પ્રસાદ દાસજી સ્વામી તથા શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામીએ આશીર્વાદ આપ્યા. વ્યાસ સાહેબ, હરેશભાઈ મહેતા અને શિક્ષકગણ હાજર રહ્યા હતા. આ સમગ્ર સ્પર્ધા ખૂબ શિસ્તબધ્ધ વાતાવરણમાં પૂરો થયો.

# બગસરામાં યુવા ભાજપ મોરચાના નવા હોદ્દેદારોની જાહેરાત કરાઈ

બગસરા,તા.૦૭



જિલ્લા ભાજપ પ્રમુખના માર્ગદર્શન હેઠળ સંગઠનને વધુ મજબૂત અને સક્રિય બનાવવા યુવા ભાજપ મોરચાના નવા હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી છે. તાલુકા અને શહેરના સંગઠન સાથે ચર્ચા-વિચારણા બાદ નવા માળખાને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં શહેર યુવા ભાજપ મોરચાના પ્રમુખ તરીકે રાહુલભાઈ રૂપડાની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે મહામંત્રી તરીકે દિવ્યાંકભાઈ સુદાણી અને ઉદયભાઈ ધાધલને જવાબદારી સોંપવામાં આવી છે. નવા હોદ્દેદારોને પક્ષના વરિષ્ઠ આગેવાનો, સ્થાનિક નેતાઓ, કાર્યકર્તાઓ તથા ઓક્સિજન ગ્રુપ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. નવી ટીમ યુવાનોને સંગઠિત કરી પક્ષની વિચારધારાને લોકો સુધી પહોંચાડવા અને જનસેવાના કાર્યોમાં સક્રિય કામગીરી કરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.












## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૧૮૧/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી પિંજર હમીરભાઈ ભાણાભાઈ
સરનામું :- મુ. હડમતિયા તા. રાજુલા જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
– વ –
તલાટી કમ મંત્રીશ્રી – બારપટોળી
તા. રાજુલા જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના બારપટોળી મુકામે ના શ્રી પિંજર હમીરભાઈ ભાણાભાઈએ તેમના પુત્રી નામે શ્રી લક્ષ્મી હમીરભાઈ પિંજરનો જન્મ તા. ૧૨/૦૬/૧૯૯૬ ના રોજ રાજુલા તાલુકાના બારપટોળી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે જુલાઈ સનેઃ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૫/૦૭/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૨૩૪/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી ભાલિયા ચંપાબેન અશોકભાઈ
સરનામું :- મુ. જેસર તા. જેસર જી. ભાવનગર

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
– વ –
તલાટી કમ મંત્રીશ્રી – દીપડીયા
તા. રાજુલા જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ભાવનગર જીલ્લાના જેસર તાલુકાના જેસર મુકામે ના શ્રી ભાલિયા ચંપાબેન અશોકભાઈએ તેમના પોતાના શ્રી ભાલિયા ચંપાબેન અશોકભાઈનો જન્મ તા. ૦૧/૦૧/૧૯૯૨ ના રોજ રાજુલા તાલુકાના દીપડીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૩૧ માહે ૦૭ સનેઃ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૧/૦૭/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૨૩૩/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી જીણાભાઈ ખીમાભાઈ બાંભણીયા
સરનામું :- મુ. મોરંગી તા. રાજુલા જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
– વ –
તલાટી કમ મંત્રીશ્રી – મોરંગી
તા. રાજુલા જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના મોરંગી મુકામે ના શ્રી જીણાભાઈ ખીમાભાઈ બાંભણીયાએ તેમના માતા સ્વ. ભાણીબેન ખીમાભાઈ બાંભણીયાનું મરણ તા. ૦૨/૦૩/૧૯૯૪ ના રોજ રાજુલા તાલુકાના મોરંગી મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૩૧ માહે ૦૭ સનેઃ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૧/૦૭/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૧૮૨/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી લાખણોત્રા જીવુબેન ભાણાભાઈ
સરનામું :- મુ. ખાંભલીયા તા. રાજુલા જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
– વ –
તલાટી કમ મંત્રીશ્રી – ખાંભલીયા
તા. રાજુલા જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખાંભલીયા મુકામે ના શ્રી લાખણોત્રા જીવુબેન ભાણાભાઈએ તેમના પુત્ર નામે શ્રી લાખણોત્રા નરેન્દ્ર ભાણાભાઈનો જન્મ તા.૦૧/૦૪/૧૯૯૩ ના રોજ રાજુલા તાલુકાના ખાંભલીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૫ માહે જુલાઈ સનેઃ૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૫/૦૭/૨૦૨૬
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**અમરેલી જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે મોટો વિકાસ, આરોગ્ય મંત્રી પ્રફુલ્લ પાનસુરીયાના વરદ હસ્તે**

# સાવરકુંડલામાં રૂ. ૫૫ કરોડના ખર્ચે બનનાર જિલ્લાકક્ષાની હોસ્પિટલનું ખાતમુહૂર્ત અને ૨ નવા PHCનું લોકાર્પણ

**સાવરકુંડલાના વિકાસનો સંકલ્પ સાકાર : મહેશ કસાવાલા**

સાવરકુંડલા,તા.૦૭

અમરેલી જિલ્લામાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ અને વ્યાપક બનાવવાના શુભ આશયથી રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ્લ પાનસુરીયાના વરદ હસ્તે કરોડો રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત સંપન્ન કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા તાલુકામાં ગ્રામીણ અને શિશુ-માતૃ આરોગ્ય સુવિધાઓ મજબૂત કરવાના ભાગરૂપે મંત્રીએ જુના સાવર ખાતે રૂ. ૧૫૦ લાખ તથા આંબરડી ખાતે રૂ. ૧૩૦ લાખના ખર્ચે નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો **(PHC)**નું લોકાર્પણ કર્યું હતું.

આ સાથે જ સાવરકુંડલા ખાતે અંદાજે રૂ. ૫૫ કરોડ





(૫૫૦૦ લાખ)ના વિરાટ ખર્ચે નિર્માણ પામનારી અત્યાધુનિક મલ્ટી સ્પેશિયાલિસ્ટ સિવિલ હોસ્પિટલનું વિધિવત ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, પ્રકાશ પાનસુરીયા, પ્રદિપ ભાખર, નયનાબેન કાપડીયા, દક્ષાબેન મહિડા સહિતના સ્થાનિક જનપ્રતિનિધિઓ, રાજકીય અગ્રણીઓ અને આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ પત્રકારો સાથેની વાતચીતમાં, વડોદરાની સરકારી હોસ્પિટલમાં દવાઓના સેમ્પલ ટેસ્ટિંગ સ્થગિત હોવાના પ્રશ્ને મંત્રીએ ત્વરિત તપાસ કરાવી જરૂરી સુધારાત્મક પગલાં લેવાની સ્પષ્ટ ખાતરી આપી હતી.ઉપરાંત, રાજ્યમાં એનાલોગ પનીર, ચીઝ અને બટર જેવા અખાદ્ય પદાર્થો સામે ચાલતી કડક ઝુંબેશ અંગે જણાવતા તેમણે ઉમેર્યું કે, નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ભેળસેળિયા તત્વો સામે સરકારે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવી છે. તાજેતરમાં જ રાજ્યભરમાં ૭૪ સ્થળોએ સફળ દરોડા પાડી આશરે ૧૦૦૦ કિલો જેટલો શંકાસ્પદ જથ્થો જપ્ત કરી તેનો નાશ કરવામાં આવ્યો છે. અંતમાં મંત્રીએ નાગરિકોને બ્રાન્ડ વગરની કે સસ્તા ભાવે મળતી અપ્રમાણભૂત ડેરી પ્રોડક્ટ્સ ખરીદવાને બદલે માત્ર પ્રમાણભૂત અને વિશ્વસનીય ઉત્પાદનો જ વાપરવા ખાસ અપીલ કરી હતી.

## દામનગરમાં ધોળે દિવસે સ્ટ્રીટ લાઈટો ચાલુ રહેતા લોકોમાં રોષ

દામનગર,તા.૦૭




દામનગર શહેરમાં રાત્રિના સમયે નાગરિકોની સુરક્ષા અને સલામતી માટે નગરપાલિકા દ્વારા જાહેર માર્ગો પર સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા કરવામાં આવે છે, જે માટે દર વર્ષે ઈજારો આપવામાં આવે છે. પરંતુ, છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં ધોળે દિવસે પણ આ સ્ટ્રીટ લાઈટો ચાલુ જોવા મળી રહી છે.સૂર્યપ્રકાશ હોવા છતાં વીજળીનો આ પ્રકારે થઈ રહેલો બગાડ ગંભીર બેદરકારી દર્શાવે છે. જાહેર સંપત્તિ અને વીજળીની બચત થાય તે માટે પાલિકા તંત્ર તથા કોન્ટ્રાક્ટર દ્વારા દિવસે લાઈટો ત્વરિત બંધ કરવામાં આવે અને યોગ્ય સુપરવિઝન રાખવામાં આવે તેવી સ્થાનિક રહીશો માંગ કરી રહ્યા છે.

## અમરેલી શહેરમાં સંવેદન ગ્રુપ દ્વારા ૧૧૦મું ચક્ષુદાન લેવાયું

અમરેલી,તા.૦૭

અમરેલીના ચિતલ રોડ પર આવેલા અવધ રેસિડેન્સીમાં રહેતા ૮૨ વર્ષીય વેપારી પ્રતાપરાય હીરાચંદભાઈ મહેતાનું અવસાન થતાં, તેમની અંતિમ ઈચ્છા મુજબ પરિવારજનોએ ચક્ષુદાન કરવાનો નિર્ણય લીધો હતો. મૃતકના ધર્મપત્ની સુશીલાબેન તથા પુત્રો પિયુષભાઈ, નિશાંતભાઈ અને



મિતુલભાઈએ પૂર્વ નગરસેવક ડૉ. ચંદ્રેશ ખૂંટનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ ચક્ષુદાન ક્ષેત્રે કાર્યરત સંવેદન ગ્રુપના પ્રમુખ વિપુલ ભટ્ટીને જાણ કરવામાં આવી હતી.

આ નેત્રદાન સ્વીકારવા માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, સાવરકુંડલા બ્રાન્ચના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ તથા મહિલા રેડક્રોસના હેડ ઈલાબેન વાઢેરે સેવા આપી હતી. સંવેદન ગ્રુપના મંત્રી મેહુલ વાઝાએ જણાવ્યું હતું કે મહેતા પરિવારની સમયસરની જાગૃતિથી બે અંધજનોના જીવનમાં રોશની આવશે. સમાજમાં નેત્રદાન જાગૃતિ લાવવા માટે વિપુલ ભટ્ટી અને તેમની ટીમ સરાહનીય કામગીરી કરી રહી છે.

## ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘમાં મયુરીબેન બારૈયાની પ્રદેશ કમિટી મેમ્બર તરીકે નિમણૂક

અમરેલી, તા. ૦૭

ભારતીય મજદૂર સંઘ સંલગ્ન ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘ (ગુજરાત પ્રદેશ) દ્વારા નવી સંગઠન રચનાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં અમરેલી જિલ્લાના મયુરીબેન બારૈયાની પ્રદેશ કક્ષાની કમિટી મેમ્બર તરીકે નિમણૂક કરાઈ છે. મયુરીબેન આંગણવાડી કર્મચારીઓના હક્કો અને પ્રશ્નો ઉકેલવા સતત સક્રિય રહ્યા છે. મહત્વની જવાબદારી મળતા તેમણે સંગઠનનો આભાર માની નિષ્ઠાપૂર્વક સેવા આપવાની તેમજ કર્મચારીઓના પ્રશ્નોને યોગ્ય મંચ પર વાચા આપવાની કટિબધ્ધતા વ્યક્ત કરી હતી. તેમની પસંદગીથી કર્મચારી આલમમાં આનંદ વ્યાપી ગયો છે. આ તકે પરિવારજનો, આંગણવાડી કાર્યકરો તથા આશા વર્કર બહેનોએ મયુરીબેનને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

**મકાનનો દસ્તાવેજ પણ લઈ ગયા**

## ધારીના મારુતિનગરમાં બંધ મકાનમાંથી રોકડા ૩૦ હજાર સહિત ૯૯ હજારની ઘરફોડ

**ચાંદીના મુઠવાળી તલવાર પણ તસ્કરો ઉઠાવી ગયા**

ધારી, તા.૦૭

ધારીના મારુતિનગરમાં બંધ મકાનમાં રોકડા ૩૦ હજાર સહિત ૯૯ હજારની ઘરફોડ થઈ હતી. બનાવ અંગે સત્યજીતભાઈ મનુભાઈ વાળા (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ તેમના મારુતિનગર-૦૧માં આવેલા બંધ મકાનમાંથી અજાણ્યા ચોર ઈસમો ચાંદીના સિક્કા પાંચ, કબાટમાંથી ગયેલા રોકડા રૂ.૩૦,૦૦૦, ચાંદીના મુઠવાળી તલવાર, જર્મન ગ્લાસ નંગ-૦૬, ચાંદીના ગ્લાસ નંગ-૦૪, કિનખાબનો રૂમાલ જેના ચારેય ખૂણે ચાંદીના ગોફણા, પીતળના વાસણો, જર્મન પીતળના વાસણો, ૧૦ નંગ સાડીઓ, સાફા નંગ-૦૭, બ્લેઝર નંગ-૦૨, તાડપત્રી નંગ-૦૨, મકાનનો દસ્તાવેજ તથા એક નાની સાયકલ, ચાંદીના તેમજ સોનાના તારવાળી ચૂંદડી એમ મળી કુલ રૂ.૯૯,૦૦૦ના કિંમતી મુદ્દામાલની ચોરી કરી લઈ ગયા હતા. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સાવરકુંડલા નિવાસી હાલ મુંબઈ મહેન્દ્રભાઈ અંબાશંકર અધ્યારૂ (ઉ.વ૭૭)તે લલિતાબેનના મામાનું અવસાન તા:૦૫/૦૮/૨૬ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતની સાદડી તા:૦૮/૦૮/૨૬ને શનિવારના રોજ સાંજે ૦૪:૦૦ થી ૦૬:૦૦ કલાકે જીતેન્દ્રભાઈ હર્ષોદરાય પંડયા વીણાબેન (લાલીબેન)ને ત્યાં ૧૧૯/ દર્શન નાગનાથ સોસાયટી હાથસણી રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**મોટી કુંકાવાવ**

સ્વ. જયાબેન ભગવાનજીભાઈ વસાણી (ઉ.વ.૮૮)નું તા.૦૭/૦૮/૨૦૨૬ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તે બીપીનભાઈ તથા સંજયભાઈના માતૃશ્રી, ધ્રુવ તથા દેવાંશના દાદી અને હિંમતભાઈ, વ્રજલાલભાઈ તથા વિઠ્ઠલભાઈના બહેન તેમજ હરેશભાઈ સેજપાલ, રમેશભાઈ કાનાબાર તથા દર્શીલ કુમાર માવાણીના સાસુ થાય છે.

તેમની પ્રાથના સભા તથા પિયરપક્ષની સાદડી તા.૦૮/૦૮/૨૦૨૬નો શનિવારના રોજ સાંજના ૪થી ૬ દશાશ્રીમાળી જૈન મહાજન વાડી યુનિટ નં.૨ લાયબ્રેરી રોડ, અમરેલી મુકામે રાખેલ છે.












-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.47/2026
જન્મ તારીખ: 22/05/1984

ઈમાબેન મુળાભાઈ ચુડાસમા,
રહે. ઘાંટવડ, ગામ-ઘાંટવડ, તાલુકો-કોડીનાર
જિલ્લો- ગીર સોમનાથ
એમ.બી.વાઝા, કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઈમાબેન મુળાભાઈ ચુડાસમા, રહે.ઘાંટવડ, ગામ-ઘાંટવડ તાલુકો-કોડીનાર જિલ્લો- ગીર સોમનાથ વાળાએ તેમના પતિ સ્વ. મુળાભાઈ દુદાભાઈ ચુડાસમાનું મરણ તારીખ **22/05/1984**ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૪ માહે ઓગષ્ટ સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ નં. જન્મ-મરણ/૭૭/૨૦૨૬

શ્રી ગફારભાઈ સીદીભાઈ કાબરા,
રહે. ભેસાણ, તા. ભેસાણ, જી. જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ભેસાણ,
તા. ભેસાણ, જી. જુનાગઢ
....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી શ્રી ગફારભાઈ સીદીભાઈ કાબરાનો જન્મ તા. ૩૦/૦૪/૧૯૪૪ ના રોજ ગામ/મોજે: ભેસાણ નોંધ ગ્રામ પંચાયત કચેરી-ભેસાણ, તા. ભેંસાણ, જિ. જુનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૩૦ મી માહે : જુલાઈ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી.નં. ૧૦૫/૨૦૨૬

શ્રી રૂદ્રેશ પંકજભાઈ શુકલ
મુ.તા. લીલીયા મોટા જિ. અમરેલી
......અરજદાર

**વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-લીલીયા મોટા
...... સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) અન્વયે જન્મ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રૂદ્રેશ પંકજભાઈ શુકલનો પોતાનો જન્મ તા.૧૭/૦૪/૧૯૯૮ના રોજ લીલીયામોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૧/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઊના**

અરજી નં.: ૨૨૬/૨૦૨૬
મરણ તારીખ: ૨૦/૦૮/૧૯૯૮

વાજા બચુભાઈ વીરાંભાઈ,
રહે. ઓલવાણ, ગામ-ઓલવાણ તાલુકો-ઊના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.એન.શિયાળ, ઊના

**-: વિરૂધ્ધ :-**

રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ઓલવાણ, તાલુકો-ઊના, જિલ્લો-ગીર સોમનાથ

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વાજા બચુભાઈ વીરાભાઈ, રહે. ઓલવાણ, ગામ-ઓલવાણ, તાલુકો-ઊના, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પિતા વીરાંભાઈ ભોજાભાઈ વાજાનું મરણ તારીખ: ૨૦/૦૮/૧૯૯૮ ના રોજ ઊના તાલુકાના ઓલવાણ ગામ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૧ માહે: ઓગષ્ટ સને ૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(ડી.કે. ભીમાણી)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ,
ઊના

# લીલીયાના નાવલી બજારમાં રસ્તા અને ગટરના પ્રશ્ને કોંગ્રેસે તંત્ર સમક્ષ રજૂઆત કરી

લીલીયા,તા.૦૭



લીલીયાના મુખ્ય વેપારધામ નાવલી બજારમાં ઉભરાતી ગટર અને બિસ્માર રસ્તાઓની ગંભીર સમસ્યાથી વેપારીઓ તથા સ્થાનિકો ભારે પરેશાન છે.

આ પ્રજાકીય પ્રશ્નોને વાચા આપવા તાલુકા પંચાયત પ્રમુખ જગદીશભાઈ દેથલીયા, નીતિનભાઈ ત્રિવેદી અને અન્ય કોંગ્રેસ આગેવાનોએ બજારની રૂબરૂ મુલાકાત લીધી હતી. રસ્તા પર ભરાયેલા ગંદા પાણી અને ઊંડા ખાડાઓને કારણે ચોમાસામાં અસહ્ય દુર્ગંધ અને વાહનચાલકો તથા રાહદારીઓને ભારે હાલાકી પડી રહી છે. વેપારીઓની રજૂઆતો સાંભળ્યા બાદ જગદીશભાઈ દેથલીયાએ સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી.જેથી અધિકારીઓએ તાત્કાલિક સમસ્યા હલ કરવાની ખાતરી આપી હતી.

# અમરેલીમાં VHP અને બજરંગ દળ દ્વારા ભારત માતા પૂજન કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૦૭



‘અખંડ ભારત સંકલ્પ દિન’ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને બજરંગ દળ અમરેલી જિલ્લા દ્વારા કોલેજ સર્કલ સ્થિત અટલ પાર્ક ખાતે ભારત માતા પૂજનનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. ૧૪ ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે થયેલા ભારતના વિભાજનની સ્મૃતિમાં અને દેશને પુનઃ અખંડ બનાવવાના દ્રઢ સંકલ્પ સાથે દર વર્ષે આ દિવસ મનાવવામાં આવે છે. તેના ભાગરૂપે અમરેલી ખાતે ભારત માતાના ચિત્રપટ પર પુષ્પાંજલિ અર્પણ કરી, દીપ પ્રાગટ્ય દ્વારા ભારત માતા પૂજન તેમજ સંકલ્પ ગ્રહણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બજરંગ દળના જિલ્લા સહ-સંયોજક કરણભાઈ વાજા, માધવભાઈ ભટ્ટ, આર્યાનભાઈ માધડ, કૃણાલભાઈ ભુવા, દર્શનભાઈ ઠુમ્મર, રોમીલભાઈ, કુણાલભાઈ જોશી, રઘુવીરભાઈ ભુવા, ગોપીબેન ચાવડા, હીરલબા વાળા, વિજયભાઈ ચોટલીયા, મૌલિકભાઈ ઉપાધ્યાય, પંકજભાઈ કાનાણી, ઘનશ્યામભાઈ કાબરિયા, કિશનભાઈ ધંધુકિયા, દેવાંગભાઈ ગોહેલ તથા પ્રતાપસિંહ રાઠોડ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને ધર્મપ્રેમી નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# નવી એક્ટિવા લેતા પહેલાં મને કેમ પૂછ્યું નહી કહી બોલાચાલી બાદ પરિણીતાએ ફિનાઈલ પીધું

ધારી, તા. ૦૭

ધારી પંથકમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. નવી એક્ટિવા લેતા પહેલાં મને કેમ પૂછ્યું નહીં તેમ કહી થયેલી બોલાચાલી બાદ પરિણીતાએ ફિનાઈલ પી લેતાં ચકચાર મચી ગઈ હતી. પોલીસમાં નોંધાયેલી વિગત પ્રમાણે, મહિલાએ તેના દીકરાને એક્ટિવા લઈ આપ્યું હતું. જેથી કૌટુંબિક ભાઈએ "નવી એક્ટિવા લેતા પહેલાં મને કેમ પૂછ્યું નહીં?" તેમ કહી બોલાચાલી કરી હતી. આથી મનમાં લાગી આવતાં પરિણીતાએ ફિનાઈલ પી લીધું હતું.

ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. ડી. વાળા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના ગુરુકુળમાં યુનિસેફ અને પોલીસ દ્વારા બાળસુરક્ષા અને જીવન કૌશલ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૦૭



સાવરકુંડલામાં ગુરુકુળ ખાતે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગાંધીનગર યુનિસેફ, જિલ્લા પોલીસ અને સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે ‘જીવન કૌશલ્ય અને બાળસુરક્ષા’ વિષય પરજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરથી ખાસ ઉપસ્થિત રહેલા યુનિસેફના અધિકારીઓ કેશવ કર્ણાવત અને બિનલબેન પટેલે વિદ્યાર્થીઓને વર્તમાન સમયમાં જીવન કૌશલ્યનું મહત્વ, બાળસુરક્ષાના કાયદાઓ તેમજ રોજિંદા જીવનમાં ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમમાં સાવરકુંડલા તાલુકાના ડી.વાય. એસ.પી. વિરલ ચંદન અને ટાઉન ઈન્સપેક્ટ કે. બી. સોલંકીએ હાજરી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને સાયબર સુરક્ષા, કાયદાકીય જાગૃતિ અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં પોલીસ સહાય મેળવવા અંગે વ્યવહારુ માર્ગદર્શન આપ્યું હતું. ગુરુકુળના અક્ષરમુક્તદાસજી સ્વામીએ તમામ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે શાળાના ડાયરેક્ટર, આચાર્ય, શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં માટે શાળા પરિવાર અને પોલીસ ટીમે ભારે જહમત ઉઠાવી હતી.

# સાવરકુંડલાના જીકીયાળી ગામ પાસે ફોરવ્હીલની ટક્કરે માતા-પુત્રી ઘાયલ

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલાના જીકીયાળી ગામ પાસે ફોર વ્હીલ કારે ટક્કર મારતાં માતા-પુત્રી ઘાયલ થયાં હતાં. આ અંગે સાવરકુંડલામાં રહેતાં કંચનબેન રમેશભાઈ સોલંકી (ઉ.વ. ૪૫)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તથા તેમનાં માતા જીકીયાળી ગામ પાસે પહોંચતાં જ એક ફોર વ્હીલ ચાલકે તેમને ટક્કર મારી હતી.આ અકસ્માતમાં કંચનબેનને માથાના ભાગે, જમણા પગના ગોઠણે તથા ખભાના પાછળના ભાગે ઈજા પહોંચી હતી, જ્યારે તેમનાં માતાને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થઈ હતી. અકસ્માત સર્જીને કારચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. હાલ ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ધાંધલ આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# બાબરાના ગરણી ગામે તારા વાવેતરનું જે કંઈ છે તે સંકેલી લેજે કહીને ગાળો આપી

**ઉપરાંત જાનથી મારવાની ધમકી પણ આપી**

બાબરા, તા.૦૭

બાબરાના ગરણી ગામે સીમ વિસ્તારમાં તારા વાવેતરનું જે કંઈ છે તે સંકેલી લેજે કહીને ગાળો આપવામાં આવી હતી. ઉપરાંત જાનથી મારવાની ધમકી પણ આપી હતી.બનાવ અંગે ગરણી ગામે રહેતા જીગ્નેશભાઈ જયસુખભાઈ લીંબાસીયાએ જસદણમાં રહેતા લાભુભાઈ ગોબરભાઈ લીંબાસીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ રૂપારેલ સીમ તરીકે ઓળખાતી સીમમાં પોતાની વાડીમાં સનેડા ટ્રેક્ટરથી સાતી હાંકતા હતા. ત્યારે સાંજના આશરે સાડા ચાર વાગ્યે આરોપી લાભુભાઈ ગોબરભાઈ લીંબાસીયા શેઢા પાસે આવ્યા હતા અને કહ્યું હતું કે, તારા વાવેતરનું જે કંઈ છે તે સંકેલી લેજે અને પાવરનું સબ સ્ટેશન છે તે પણ ઉખાડી લેજે. જેથી જીગ્નેશભાઈએ કહ્યું કે, આ બધું મારી જમીનમાં છે, અમે તમારી જમીનમાં કંઈ કરેલ નથી. આ સાંભળી આરોપીને સારું નહીં લાગતા તેમણે જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જ્યારે સામા પક્ષે લાભુભાઈ ગોબરભાઈ લીંબાસીયાએ જીગ્નેશભાઈ જયસુખભાઈ લીંબાસીયા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની વાડીએ જવાની પગદંડી ઉપર મકાઈનું વાવેતર કરેલું હતું. જે બાબતે તેમણે આરોપી જીગ્નેશભાઈને ઠપકો આપતા આરોપીને સારું નહોતું લાગ્યું અને ઢીકાપાટુનો માર મારી શરીરે મૂઢ ઈજાઓ પહોંચાડી હતી. તેમજ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલી જિલ્લામાં ત્રણ સ્થળેથી ૧૫ જુગારીઓના પાસા પોલીસે અવળા પાડયા

**કુલ રૂ. ૪૧,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કરાયો**

અમરેલી, તા. ૦૭

અમરેલી જિલ્લામાં પોલીસે ત્રણ સ્થળેથી ૧૫ જુગારીઓના પાસા અવળા પાડ્યા હતા. ત્રણેય સ્થળેથી કુલ રૂ. ૪૧,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. રાજુલાના જુની કાતર ગામે પ્રાથમિક શાળાની પાછળ ટાવર પાસેથી બાબુભાઈ નાગજીભાઈ ચૌહાણ, ભરતભાઈ ચકુરભાઈ મકવાણા, વિપુલભાઈ સવજીભાઈ મકવાણા, બલવીરભાઈ અનકભાઈ ધાધલ તથા રમેશભાઈ લખમણભાઈ સાંખટ જાહેરમાં ગોળ કુંડાળુ વળી પૈસા-પાનાથી હારજીતનો જુગાર રમતા જુદા જુદા દરની નોટો મળી રોકડા રૂ. ૧૧,૯૦૦ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા.સાવરકુંડલાના કેવડાપરા વિસ્તારમાંથી અજયભાઈ મગનભાઈ પરમાર, સંજયભાઈ કાંતીભાઈ સોલંકી, રાકેશભાઈ દેવશીભાઈ વાળકીયા તથા વિક્રમભાઈ દીપકભાઈ સોલંકી જાહેરમાં ગંજીપતાનાં પાના વડે પૈસાની હારજીતનો તીનપતીનો જુગાર રમતા કુલ રોકડા રૂ. ૧૫,૬૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.બગસરામાં હામાપુર રોડ બાયપાસ ઈંટોના ભઠ્ઠા પાસેથી પ્રવીણભાઈ શંભુભાઈ ગોંડલીયા, અજયભાઈ રમેશભાઈ વરીયા, મનીષભાઈ ગોવિંદભાઈ સાવડીયા, ધીરૂભાઈ રાઘવભાઈ હડીયલ, પ્રફુલભાઈ વશરામભાઈ નારીગરા તથા મનસુખભાઈ ગોરધનભાઈ માળવી જાહેરમાં ગંજીપત્તાના પાના વડે તીનપતીનો હારજીતનો જુગાર રમતા રોકડા રૂ. ૧૪,૪૫૦ સાથે ઝડપાયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ
તા.૦૮-૦૮-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૪૬, સૂર્યાસ્ત-૦૭:૦૭, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: રોહિણી

## દૈનિક રાશિફળ

**તા.૦૮-૦૮-૨૦૨૬ શનિવાર**

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે. કાર્યકાળમાં સુધારો કરવા માટે આજનો દિવસ સારો છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે. ધનમાં વધારો થશે. શત્રુ હારશે અને અંતે સર્વત્ર સફળતાની પ્રાપ્તિથી ખુશ થશો.

મિથુન: ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે. તેનાથી થોડી સ્થાયી સફળતા મળશે.

કર્ક: આજે તમારો દિવસ વ્યસ્ત છે અને આખો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવામાં પસાર થશે. પૈસાની દ્રષ્ટિએ તમને ફાયદો થશે અને પરિવારમાં સમૃધ્ધિ મળશે.

સિંહ: આજે તમારે વેપાર વ્યવસાય તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આજે બપોર સુધીમાં તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને એક કરી શકશો.

કન્યા: તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. ઘરે શુભ કાર્યો ગોઠવી શકાય છે અથવા સમાજના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.

તુલા: આજે તમને શ્રેષ્ઠ સંપત્તિ મળશે અને ભાગ્યની સહાયથી કાર્યો પૂરા થશે. આજે ધન રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે.

વૃશ્ચિક: આજે તમારો શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે. ઓફિસમાં લોકો તમારી સહાય માટે તૈયાર રહેશે અને મનમાં ખાસ પ્રકારનો ઉત્સાહ રહેશે.

ધન: આજે તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃધ્ધ થવાના છો અને આજે તમને ભેટો અને સન્માનનો લાભ મળશે. સમયનો લાભ લઈ શકો છો.

મકર: આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે. આજનો દિવસ ભાગદોડમાં વિતાવશો અને વિશેષ ચિંતા રહેશે.

કુંભ: આ દિવસે તમને ભાગ્યનો સહયોગ મળશે. ક્ષેત્રમાં સ્થાળાંતરથી તમને ફાયદો થઈ શકે છે અને ધંધામાં પણ નફો વધશે.

મીન: આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને શ્રેષ્ઠ પ્રકારની સંપત્તિ મળશે. આજે ચંદ્ર સુખ અને શાંતિ આપશે અને તમને તમારા ભાગ્યનો પૂરો સહયોગ મળશે.

# સા.કુંડલામાં આદ્યશક્તિ ગરબા એકેડમીના ગરબા ક્લાસીસનો ઉત્સાહભેર પ્રારંભ

સાવરકુંડલા,તા.૦૭



તસવીર : સૌરભ દોશી

હિન્દુ યુવા સંગઠન દ્વારા આયોજિત ‘આદ્યશક્તિ ગરબા એકેડમી’ના ગરબા ક્લાસીસનું ભવ્ય ઉદ્ઘાટન ઉત્સાહભેર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેલૈયા અને ગરબાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગરબાની તાલે સૌએ ઉત્સાહપૂર્વક રમઝટ બોલાવી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ નવરાત્રીમય બની ગયું હતું. કાર્યક્રમને શહેરમાંથી સારો પ્રતિસાદ મળ્યો હતો. પ્રસંગે અમરેલી જિલ્લા ભાજપ મંત્રી પ્રવીણભાઈ સાવજ, નાગરિક બેંકના ચેરમેન પરાગભાઈ ત્રિવેદી, શહેર ભાજપ પ્રમુખ અનિરુધ્ધસિંહ રાઠોડ, મહામંત્રી મોહિતભાઈ સુદાણી, નયનાબેન કાપડિયા, નૂતનબેન તન્ના, ઉપાસનાબેન ગોસ્વામી, યશોધરાબેન પંડ્યા, ધારાબેન ગોહિલ, હિતેશભાઈ નિમ્બાર્ક, ડૉ. ચેતનભાઈ પોરિયા તેમજ ‘કુંડાળુ’ ફિલ્મના અભિનેતા હર્ષવર્ધન રાઠોડ સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. તમામ મહાનુભાવોએ આયોજકોના પ્રયાસને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# બગસરામાંથી પરિણીતા ઘરેથી ચાલી નીકળી

બગસરા, તા. ૦૭

બગસરામાંથી પરિણીતા ઘરેથી ચાલી નીકળી હતી. આ અંગે વિપુલભાઈ સનાભાઈ બાહોપીયા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, તેમની પત્ની મનિષાબેન (ઉ.વ. ૩૫) ઘરેથી કોઈને કંઈ જાણ કર્યા વગર ક્યાંક જતી રહી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.જે. બાલસરા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાંથી આઠ પીધેલાઓ ઝડપાયા

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૮ શરાબીઓને ઝડપીને કાયદાનું ભાન કરાવ્યું હતું. પૂજાપાદર ગામેથી બે તથા જાફરાબાદ, મોટાજિંજુડા, વડલી, અમરેલી, સોટાપરા અને બાબરા ખાતેથી એક-એક મળી કુલ આઠ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# વંડા પી.પી.એસ.હાઈસ્કૂલમાં પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૦૭



પી. પી. એસ. હાઈસ્કૂલ, વંડા ખાતે સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ તૈયારી રૂપે ૫ ઓગસ્ટના રોજ પ્રિ-ઈન્ડિપેન્ડન્સ ડે ઉજવણી અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાના ૫૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ અને સામાજિક જાગૃતિ કેળવાય તે માટે તિરંગો મારી શાન, સ્વચ્છ ભારત અને નશામુક્ત ભારત જેવા વિષયો આપવામાં આવ્યા હતા. ધોરણ ૯ અને ૧૦ ના વિભાગમાં દેંગડા દિવ્યાંગી પ્રથમ, બગડા ઉર્વશી દ્વિતીય અને રાઠોડ વિદ્યા તથા પરમાર દિવ્યાબા તૃતીય રહ્યા હતા. ધોરણ ૧૧ અને ૧૨ ના વિભાગમાં બાવળીયા અસ્મા પ્રથમ, ધાપા રીના દ્વિતીય અને રાઠોડ ઋચિતા તૃતીય સ્થાને વિજેતા બન્યા હતા. કર્મ યોગ ગ્રુપ તરફથી વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. શિક્ષક રોહીતભાઈ ઓઝા, ગજેરા સાહેબ અને ભરતભાઈએ કાર્યક્રમનું સફળ આયોજન કર્યું હતું.

# આંગણવાડી સહાયના નામે વંડાના રત્નકલાકાર સાથે રૂ. ૭,૧૯૮ની ઓનલાઈન છેતરપિંડી

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલાના વંડા ગામમાં રહેતા એક રત્નકલાકારને આંગણવાડીની સરકારી સહાય અપાવવાની લાલચ આપી નાણાં પડાવી લેવાનો કિસ્સો સામે આવ્યો હતો. બનાવ અંગે હીરા ઘસવાનું કામ કરતા નિકુંજભાઈ વિનુભાઈ સોલંકી (ઉ.વ.૩૦)એ જણાવ્યા મુજબ, અજાણ્યા શખ્સે તેમને કૉલ કર્યો હતો. કૉલ કરનારે પોતે આંગણવાડીની મુખ્ય ઓફિસમાંથી બોલે છે તેવી ખોટી ઓળખ આપી હતી. તેણે ફરિયાદીને વિશ્વાસમાં લઈને જણાવ્યું હતું કે, તેમની પત્નીને સગર્ભાવસ્થા/પ્રસૂતિના સમયગાળા દરમિયાન સરકાર તરફથી પોષણક્ષમ આહાર માટે રૂ. ૧૨,૦૦૦ ની સહાય મળવાપાત્ર છે. આ ખોટી લાલચ આપીને ભેજાબાજે ફરિયાદી પાસે ઓનલાઈન પ્રક્રિયાના નામે કુલ રૂ. ૭,૧૯૮ ની રકમ ટ્રાન્સફર કરાવી લીધી હતી. ત્યારબાદ આ રકમનો ઉપયોગ કોઈ અજાણી વ્યક્તિના મોબાઈલ રિચાર્જ કરવા માટે કરવામાં આવ્યો હતો. વંડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. પી.જે.રામાણી વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# ડિજિટલ યુગમાં ગેરકાનૂની કન્ટેન્ટ સામે ભારતના કડક એક્શન

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના ઝડપી વિકાસે ટેક્નોલોજીના ક્ષેત્રમાં અનેક નવી તકો ઊભી કરી છે, પરંતુ તેની સાથે ગેરઉપયોગના જોખમોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. સોશિયલ મીડિયા પર AI દ્વારા બનાવવામાં આવેલા ડીપફેક વીડિયો, નકલી તસવીરો, ખોટા ઓડિયો અને ભ્રામક માહિતી ઝડપથી વાયરલ થવા લાગી છે. આવી સામગ્રી સમાજમાં ગેરસમજ, અફવાઓ, હિંસા અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી શકે છે. આ પડકારને ધ્યાનમાં રાખીને ભારત સરકારે માહિતી પ્રૌદ્યોગિકી (IT) સંબંધિત નિયમોમાં મહત્વપૂર્ણ સુધારા કરીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ માટે વધુ કડક જવાબદારીઓ નક્કી કરી છે.નવા નિયમોનો મુખ્ય હેતુ એ છે કે AI દ્વારા બનાવવામાં આવેલી સામગ્રીને સ્પષ્ટ રીતે ઓળખી શકાય અને ગેરકાયદેસર અથવા હાનિકારક કન્ટેન્ટને શક્ય તેટલી ઝડપથી દૂર કરવામાં આવે. હવે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યુબ અને એક્સ જેવા મોટા સોશિયલ મીડિયા પ્લેટફોર્મોએ ખાતરી કરવી પડશે કે AI જનરેટેડ સામગ્રી પર યોગ્ય લેબલ લગાવવામાં આવે અને તેની તકનીકી વિગતો સાથે કોઈ પ્રકારની ચેડાં ન કરવામાં આવે. ઉપરાંત, પ્લેટફોર્મોએ વપરાશકર્તાઓ પાસેથી જરૂરી ઘોષણા લેવાની સાથે પોતાના સ્તરે પણ તેની ચકાસણી કરવાની રહેશે.આ સુધારાનો સૌથી મહત્વપૂર્ણ ભાગ ગેરકાયદેસર કન્ટેન્ટ દૂર કરવાની સમયમર્યાદામાં કરવામાં આવેલો ફેરફાર છે. અગાઉ કોર્ટ અથવા સક્ષમ અધિકારીના આદેશ બાદ કાર્યવાહી માટે લગભગ ૩૬ કલાકનો સમય મળતો હતો, જ્યારે હવે તે ઘટાડીને માત્ર ત્રણ કલાક કરવામાં આવ્યો છે. મહિલાઓ અને બાળકો સામેના જાતીય શોષણ, અશ્લીલતા અથવા નોન-કન્સેન્સ્યુઅલ સામગ્રી જેવા ગંભીર કેસોમાં આ સમયમર્યાદા માત્ર બે કલાક રાખવામાં આવી છે. સરકારનું માનવું છે કે ડીપફેક અને ભ્રામક માહિતી ખૂબ જ ઝડપથી ફેલાય છે, તેથી સમયસર કાર્યવાહી કરવી અત્યંત જરૂરી છે.ઘણા લોકોના મનમાં પ્રશ્ન થાય છે કે સોશિયલ મીડિયા કંપનીઓ વાંધાજનક AI જનરેટેડ કન્ટેન્ટ તરત કેમ દૂર કરતી નથી. તેનું મુખ્ય કારણ એ છે કે દરરોજ કરોડો પોસ્ટ અપલોડ થાય છે. તેમાં કઈ પોસ્ટ ખરેખર કાયદા વિરુધ્ધ છે અને કઈ અભિવ્યક્તિની સ્વતંત્રતાનો ભાગ છે, તે નક્કી કરવું સરળ નથી. શરૂઆતમાં AI આધારિત સિસ્ટમો દ્વારા સામગ્રીની તપાસ કરવામાં આવે છે, પરંતુ અંતિમ નિર્ણય માટે ઘણી વખત માનવીય સમીક્ષા પણ જરૂરી બને છે. ઘણી વખત વપરાશકર્તાઓ દ્વારા ફરિયાદ નોંધાયા પછી જ કાર્યવાહી શરૂ થતી હોવાથી પણ વિલંબ થાય છે. ઉપરાંત, વિવિધ દેશોના અલગ-અલગ કાયદાઓને કારણે વૈશ્વિક સોશિયલ મીડિયા કંપનીઓને દરેક દેશમાં જુદા નિયમોનું પાલન કરવું પડે છે.સરકારે સ્પષ્ટ કર્યું છે કે જો સોશિયલ મીડિયા કંપનીઓ આ નિયમોનું પાલન નહીં કરે તો તેમને મધ્યસ્થી (Intermediary) તરીકે મળતું કાનૂની રક્ષણ ગુમાવવું પડશે અને તેમની સામે સીધી કાનૂની કાર્યવાહી થઈ શકશે. આથી હવે કંપનીઓએ માત્ર ફરિયાદની રાહ જોવાને બદલે એવી આધુનિક અને સ્વચાલિત પ્રણાલીઓ વિકસાવવી પડશે, જે ગેરકાયદેસર અથવા હાનિકારક સામગ્રીને અપલોડ થતાં જ ઓળખી શકે અને તેને રોકી શકે. ખાસ કરીને મહિલાઓ અને બાળકોને નુકસાન પહોંચાડતી સામગ્રી સામે વધુ કડક દેખરેખ રાખવી અનિવાર્ય બનાવવામાં આવી છે.અંતમાં કહી શકાય કે સરકારના આ નવા નિયમો ટેક્નોલોજીના વિકાસને અટકાવવા માટે નથી, પરંતુ તેના જવાબદાર અને સુરક્ષિત ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે છે.

# ઝેન-ઝી આજની પેઢી કરતાં વધુ ઈમાનદાર અને વધુ દેશભક્ત છે


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

નેતા કોને કહેવાય? શું મોટા મંચ પરથી જોરદાર ભાષણ કરનાર વ્યક્તિ જ નેતા ગણાય? અથવા દરેક ચૂંટણી જીતીને સત્તા સુધી પહોંચનાર વ્યક્તિને જ સાચો નેતા કહી શકાય? સમાજમાં આવી માન્યતાઓ લાંબા સમયથી પ્રચલિત છે. પરંતુ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો. મોહન ભાગવતે મુંબઈમાં યોજાયેલા યુવા સંવાદ દરમિયાન આ માન્યતાઓને પડકારતા નેતૃત્વની એક અલગ અને વધુ અર્થપૂર્ણ વ્યાખ્યા રજૂ કરી. તેમના મતે નેતૃત્વ માત્ર સત્તા કે લોકપ્રિયતા સુધી મર્યાદિત નથી, પરંતુ જ્ઞાન, ચારિત્ર્ય, વિનમ્રતા અને સમાજ પ્રત્યેની જવાબદારી પર આધારિત છે.ડો. ભાગવતે જણાવ્યું કે સાચા નેતાની પ્રથમ ઓળખ તેનું જ્ઞાન અને ચારિત્ર્ય છે. જે વ્યક્તિ પોતાના કાર્યક્ષેત્રની ઊંડી સમજ ધરાવે છે અને સતત નવી બાબતો શીખવાની તૈયારી રાખે છે, તે જ સાચા અર્થમાં નેતા બની શકે છે. માત્ર પદ પ્રાપ્ત કરવાથી કે સત્તા પ્રાપ્ત કરવાથી કોઈ વ્યક્તિ મહાન નેતા બની જતી નથી. નેતાએ સમય સાથે પોતાને સતત વિકસાવવો જોઈએ અને નવી પરિસ્થિતિઓને સમજવાની ક્ષમતા રાખવી જોઈએ.તેમણે નેતૃત્વનો બીજો મહત્વપૂર્ણ ગુણ સમજાવતા કહ્યું કે સાચો નેતા બીજાના સારા કાર્યની હંમેશા પ્રશંસા કરે છે. તે પોતાના સાથીઓ અને નાનામાં નાના કાર્યકર્તાના યોગદાનને પણ સન્માન આપે છે. જે વ્યક્તિ બીજાની સફળતાની પ્રશંસા કરવામાં સંકોચ અનુભવે છે અથવા પોતાની પ્રસિધ્ધિ જાળવવા માટે અન્યને આગળ આવવા દેતી નથી, તે ક્યારેય શ્રેષ્ઠ નેતા બની શકતી નથી. ખરો નેતા પોતે આગળ આવવાની હોડમાં રહેતો નથી; તે પોતાની ટીમને આગળ ધપાવે છે અને પાછળ રહીને માર્ગદર્શન આપે છે. આજના સમયમાં, જ્યારે "હું જ બધું કરું છું" જેવી માનસિકતા વધતી જોવા મળે છે, ત્યારે નેતૃત્વની આ વ્યાખ્યા વધુ પ્રાસંગિક અને પ્રેરણાદાયી લાગે છે.મુંબઈમાં યોજાયેલા આ વિશાળ યુવા સંવાદમાં બે હજારથી વધુ જેન-ઝી અને જેન-આલ્ફા પેઢીના યુવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન યુવાનોએ દેશ અને દુનિયામાં વધી રહેલા વિરોધ પ્રદર્શનો અંગે સીધા પ્રશ્નો પૂછ્યા. તેના જવાબમાં ડો. ભાગવતે લોકશાહીના મૂળભૂત સિધ્ધાંતોને સ્પર્શતા વિચારો રજૂ કર્યા. તેમણે કહ્યું કે જ્યારે શાસનવ્યવસ્થા લોકોની વેદના, ચિંતાઓ અને પ્રશ્નોને સાંભળવાનું બંધ કરી દે છે, ત્યારે લોકો પાસે રસ્તા પર ઉતરીને પોતાનો અવાજ ઉઠાવવાનો વિકલ્પ જ બાકી રહે છે.તેમના મતે સંવાદ લોકશાહીનો પ્રાણ છે. જ્યાં સુધી સરકાર, સમાજ અને નાગરિકો વચ્ચે ખુલ્લો સંવાદ ચાલુ રહે છે, ત્યાં સુધી મોટા ભાગની સમસ્યાઓનો ઉકેલ શક્ય બને છે. પરંતુ જ્યારે ફરિયાદોને અવગણવામાં આવે અથવા દબાવી દેવામાં આવે, ત્યારે અસંતોષ આંદોલનનું સ્વરૂપ ધારણ કરે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આંદોલનનો હેતુ તોડફોડ કે અરાજકતા ફેલાવવાનો નથી, પરંતુ પોતાની વાત જવાબદાર તંત્ર સુધી પહોંચાડવાનો છે. જો યુવાનોની ચિંતાઓને યોગ્ય સમયે યોગ્ય મંચ પર સાંભળવામાં આવે, તો મોટા આંદોલનોને અટકાવી શકાય છે. જેન-ઝી પેઢીના પ્રશ્નો અને ચિંતાઓ તેમના ભવિષ્ય સાથે સીધા જોડાયેલા છે, તેથી તેમને ગંભીરતાથી સાંભળવાની જરૂર છે.ચર્ચા દરમિયાન સોશિયલ મીડિયાના વધતા પ્રભાવનો મુદ્દો પણ સામે આવ્યો. આજનો મોટાભાગનો યુવાન સોશિયલ મીડિયા સાથે સતત જોડાયેલો રહે છે, જેના કારણે તેના સકારાત્મક અને નકારાત્મક બંને પ્રભાવ અંગે ચર્ચા થવી સ્વાભાવિક છે. કેટલાક લોકો સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાની માંગ કરે છે, પરંતુ ડો. ભાગવતે આ વિચારને વ્યવહારિક ન ગણાવ્યો. તેમના અનુસાર સોશિયલ મીડિયા એક ટેકનોલોજી છે, અને ટેકનોલોજીને પ્રતિબંધોથી રોકી શકાતી નથી. તેને રોકવાનો પ્રયાસ કરવો એટલે હવાને મુઠ્ઠીમાં બંધ કરવાનો પ્રયાસ કરવા સમાન છે.તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પ્રતિબંધ કરતાં વધુ જરૂરી છે જાગૃતિ. ખાસ કરીને સોશિયલ મીડિયા પર લાખો લોકો સુધી પહોંચતા ઈન્ફ્લુઅન્સર્સની જવાબદારી ઘણી મોટી છે. તેમણે અપીલ કરી કે કોઈ પણ માહિતી શેર કરતા પહેલાં તેની સત્યતા ચકાસવી જોઈએ. માત્ર લાઈક્સ, વ્યૂઝ અથવા લોકપ્રિયતા મેળવવા માટે ખોટી, ભ્રામક અથવા સમાજમાં વિભાજન ફેલાવે તેવી માહિતી પ્રસારિત કરવી અત્યંત નુકસાનકારક છે. આવી પ્રવૃત્તિઓ સમાજને ગેરમાર્ગે દોરી શકે છે. સાથે સાથે તેમણે સામાન્ય સોશિયલ મીડિયા વપરાશકર્તાઓને પણ સલાહ આપી કે કોઈપણ સંદેશ, વીડિયો અથવા સમાચાર તરત જ સાચા માની લેવાની ઉતાવળ ન કરવી. માહિતીની સત્યતા ચકાસ્યા પછી જ તેના પર વિશ્વાસ કરવો અને તેને અન્ય લોકો સુધી પહોંચાડવી.

આ સમગ્ર સંવાદની સૌથી યાદગાર ક્ષણ ત્યારે આવી જ્યારે ડો. ભાગવતે ભારતની નવી પેઢી પ્રત્યે પોતાનો અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો. સામાન્ય રીતે એવી ફરિયાદ સાંભળવા મળે છે કે આજના યુવાનોમાં દેશપ્રેમ ઓછો થયો છે અને તેઓ માત્ર પોતાના હિત વિશે જ વિચારે છે. પરંતુ તેમણે આ માન્યતાને સંપૂર્ણપણે નકારી કાઢી. તેમના જણાવ્યા મુજબ તેઓ જેન-ઝી પેઢીને નજીકથી નિહાળી રહ્યા છે અને તેમને લાગે છે કે આજના યુવાનો અગાઉની પેઢીઓ કરતાં વધુ ઈમાનદાર અને વધુ દેશભક્ત છે.તેમણે કહ્યું કે આજના યુવાનો ઢોંગ કરતા નથી. જે બાબત તેમને ખોટી લાગે છે, તેનો તેઓ ખુલ્લેઆમ વિરોધ કરે છે. આ સ્પષ્ટતા અને નિખાલસતા તેમની સૌથી મોટી તાકાત છે. તેમની દેશભક્તિ માત્ર સૂત્રોચ્ચાર અથવા દેખાવ પૂરતી મર્યાદિત નથી, પરંતુ દેશને વધુ સશક્ત, સમૃધ્ધ અને પ્રગતિશીલ બનાવવા માટેની તેમની સાચી ઈચ્છામાં વ્યક્ત થાય છે.દેશની આર્થિક અને સામાજિક સ્થિતિ અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ડો. ભાગવતે જણાવ્યું કે ભારત આજે અગાઉની સરખામણીએ ઘણી સારી સ્થિતિમાં છે. સમાજમાં જાતિઆધારિત ભેદભાવમાં ઘટાડો થયો છે અને સામાન્ય લોકોના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. તેમણે સ્વીકાર્યું કે જે લોકો પહેલેથી જ સુખી અને સમૃધ્ધ છે, તેમને કદાચ આ પરિવર્તન સ્પષ્ટ રીતે ન દેખાતું હોય, પરંતુ ગરીબ અને મધ્યમ વર્ગના જીવનમાં અનેક સકારાત્મક પરિવર્તનો આવ્યા છે.સાથે જ તેમણે એ પણ સ્વીકાર્યું કે દેશમાં આર્થિક અસમાનતા હજુ પણ એક ગંભીર પડકાર છે. આ અસમાનતા ઘટાડવાની જવાબદારી માત્ર સરકારની નથી, પરંતુ સમાજના દરેક સમૃધ્ધ અને સક્ષમ નાગરિકની પણ છે. સમાજના સર્વાંગી વિકાસ માટે દરેક વ્યક્તિએ પોતાની ક્ષમતા મુજબ યોગદાન આપવું જરૂરી છે.અંતમાં ડો. મોહન ભાગવતે યુવાનોને આશ્વાસન આપતાં કહ્યું કે તેમના પ્રશ્નો, વિચારો અને જિજ્ઞાસા જ ભારતના ભવિષ્યને નવી દિશા આપશે. જરૂરી માત્ર એટલું છે કે તેમની ઊર્જા, પ્રતિભા અને ઉત્સાહને યોગ્ય માર્ગદર્શન અને સકારાત્મક દિશા મળે. જ્ઞાન, ચારિત્ર્ય, સંવાદ, જવાબદારી અને સમાજસેવાના મૂલ્યોને અપનાવીને જ એક સશક્ત રાષ્ટ્રનું નિર્માણ શક્ય બને છે. સાચું નેતૃત્વ એ સત્તા પ્રાપ્ત કરવાની કળા નથી, પરંતુ લોકોનો વિશ્વાસ જીતવાની, તેમની ક્ષમતાઓને વિકસાવવાની અને સમગ્ર સમાજને સાથે લઈને આગળ વધવાની એક સતત પ્રક્રિયા છે.

**યુવા પેઢીના દિલની વાત સાંભળી નહીં, અવગણના કરી એટલે આંદોલન થયું.આપણે નવી પેઢીને સમજવી જોઈએ. ભાષણ બાજી કે ચૂંટણી જીતવાથી સમસ્યા નથી હલ થવાની. આર એસ એસ ના પ્રમુખ ડોક્ટર મોહન ભાગવતની સ્પષ્ટ વાત.**

## શબ્દ સંજોગ-૨૨૪૫



**આડી ચાવી :**
(૧) અડપલુ, અટકચાળુ (૩)
(૩) ભારતનું એક શહેર (૩)
(૬) લખેલુ ભૂસવા માટે વપરાય (૩)
(૮) તાલુસ્થાનમાંથી ઉચ્ચારતુ (૩)
(૧૦) હદ, સીમા (૨)
(૧૩) જથ્થાબંધ માલના સ્ટોકીસ્ટ (૩)
(૧૫) સફળ, કૃતાર્થ (૩)
(૧૭) ચોથા ભાગનું (૧)
(૧૮) જાડો પ્રવાહી પદાર્થ (૩)
(૨૦) બ્રાહ્મના એક માનસપુત્ર (૩)
(૨૩) હોઠ, અધર (૨)
(૨૪) અપ્રીતિ, અભાવ (૩)
(૨૬) મુંબઈનું એક પરુ (૩)
(૨૮) ખડ, ચાર (૨)
(૨૯) ઈચ્છા, ખુશી (૩)
(૩૨) અંજામ, પરિણામ (૩)
(૩૪) નાઠેલુ, પલાયન કરી ગયેલુ (૨)
(૩૫) એક પક્ષી (૩)

**ઉભી ચાવી :**
(૧) વરના મમા સાથે વહુની ઘાટડીની ગાંઠ બાંધે છે તે (૪)
(૨) કાંઠો, કિનારો (૨)
(૩) પરોઢિયુ (૨)
(૪) વેલ (૨)
(૫) ગૌરવશાળી, પ્રભાવશાળી (૨)
(૭) એક સરકારી વાહન (૨)
(૯) હલકુ, સહેલુ (૨)
(૧૧) એક ફૂલઝાડ (૩)
(૧૨) અરજ, વિનંતી (૩)
(૧૪) મનોવૃતિ, વલણ (૨)
(૧૬) જરૂરી ખર્ચ જ કરવો તે (૫)
(૧૯) પાણીનું એક વાસણ (૨)
(૨૧) શ્વાસનો એક રોગ (૨)
(૨૨) ગદા ધારણ કરનાર (૪)
(૨૫) ચિંતાથી માણસ...થઈ જાય છે (૩)
(૨૭) એક વિદેશી દારૂ (૨)
(૩૦) એક સૂર્યવંશી રાજા-રામના પ્રતિતામહ (૨)
(૩૧) શરીરનું ચેતન તત્વ (૨)
(૩૩) સમય, વખત (૨)

## શબ્દ સંજોગ-૨૨૪૪ જવાબ

**આડી ચાવીઃ** (૧) પાક (૩) ચાર્વાક (૫) પંખો (૭) ધર્મશાળા (૯) થિગડિયું (૧૧) અંતરિત (૧૩) કાંજી (૧૫) તારક (૧૭) ફાંસ (૧૮) રક્ષા (૧૯) રજકો (૨૧) પ્રત (૨૩) જાવક (૨૫) ગલકંબલ (૨૮) નગરપતિ (૨૯) થડક. **ઉભી ચાવીઃ** (૧) પાધર (૨) કર્મ (૩) ચાળા (૪) કથિત (૫) પંડિત (૬) ખોયું (૮) શાખ (૧૦) ગરિમા (૧૧) અંજીર (૧૨) ઉપેક્ષા (૧૩) કાંતા (૧૪) પ્રાસ (૧૬) કરતલ (૧૭) ફાંકો (૧૮) રમજાન (૨૦) શંકર (૨૧) પ્રગતિ (૨૨) મુલક (૨૪) વગ (૨૬) કંથ (૨૭) બડ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૬૧૦ | ૧૯૪૮ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૫૦૭ | ૫૮૫ |
| જુવાર સફેદ | ૧૦૫૬ | ૧૨૨૩ |
| જુવાર લાલ | ૧૦૭૫ | ૧૨૬૦ |
| જુવાર પીળી | ૪૪૧ | ૫૩૨ |
| બાજરી | ૩૧૦ | ૫૦૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૭૫ |
| ચણા પીળા | ૧૦૦૧ | ૧૨૪૪ |
| ચણા સફેદ | ૧૨૫૧ | ૧૭૪૮ |
| અડદ | ૧૪૦૦ | ૧૮૫૬ |
| મગ | ૧૧૩૦ | ૧૭૬૮ |
| વાલ દેશી | ૭૯૦ | ૧૧૮૬ |
| ચોળી | ૧૦૫૦ | ૧૬૯૦ |
| વટાણા | ૬૦૦ | ૯૦૫ |
| કળથી | ૫૦૪ | ૬૦૩ |
| રાજમા | ૧૫૦૦ | ૧૯૧૫ |
| સીંગદાણા | ૧૬૧૦ | ૨૦૫૦ |
| મગફળી જાડી | ૧૩૦૦ | ૧૬૩૦ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૫૭૦ |
| તલી | ૧૬૮૦ | ૨૫૦૦ |
| એરંડા | ૧૩૪૫ | ૧૪૨૨ |
| અજમો | ૧૯૦૧ | ૩૦૦૦ |
| સોયાબીન | ૧૦૪૭ | ૧૩૪૮ |
| સીંગફાડા | ૧૫૧૦ | ૧૭૮૦ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૬૪૦ |
| લસણ | ૧૦૮૧ | ૨૬૫૦ |
| ધાણા | ૨૭૫૦ | ૨૯૮૦ |
| ધાણી | ૨૮૦૦ | ૩૦૩૯ |
| વરીયાળી | ૧૫૧૦ | ૧૯૯૯ |
| જીરૂ | ૩૫૫૦ | ૩૮૮૦ |
| રાય | ૧૩૬૦ | ૧૮૮૦ |
| મેથી | ૯૭૦ | ૧૭૧૭ |
| કલોંજી | ૩૩૦૦ | ૩૬૦૦ |
| રાયડો | ૧૧૮૦ | ૧૫૦૦ |
| રજકાનું બી | ૭૫૦૦ | ૧૦૮૦૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૭૫ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૪૮૮ | ૯૭૬ |
| પપૈયા | ૨૦૨ | ૪૧૨ |
| બટેટા | ૮૮ | ૨૯૦ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૪૩૫ |
| ટમેટા | ૪૧૧ | ૬૨૩ |
| સુરણ | ૮૨૭ | ૧૦૨૬ |
| કોથમરી | ૫૯૧ | ૯૯૭ |
| મુળા | ૩૮૬ | ૫૬૧ |
| રીંગણા | ૨૭૬ | ૬૫૨ |
| કોબીજ | ૩૧૫ | ૪૮૧ |
| ફ્લાવર | ૬૧૮ | ૮૫૪ |
| ભીંડો | ૯૮૬ | ૧૪૩૫ |
| ગુવાર | ૧૨૭૩ | ૧૯૩૯ |
| ચોળાસીંગ | ૬૮૬ | ૧૧૭૮ |
| વાલોળ | ૧૨૦૭ | ૧૬૨૫ |
| ટીંડોળા | ૫૭૭ | ૯૨૬ |
| દુધી | ૩૨૧ | ૫૧૧ |
| કારેલા | ૫૭૯ | ૮૦૫ |
| સરગવો | ૭૩૫ | ૧૩૬૨ |
| તુરીયા | ૬૬૮ | ૧૧૯૬ |
| પરવર | ૮૩૬ | ૧૧૮૯ |
| કાકડી | ૫૨૭ | ૭૦૨ |
| ગાજર | ૩૨૩ | ૫૫૨ |
| વટાણા | ૧૮૨૩ | ૨૬૩૭ |
| ગલકા | ૪૨૯ | ૬૫૪ |
| બીટ | ૩૧૧ | ૫૨૨ |
| મેથી | ૮૨૩ | ૧૨૩૧ |
| ડુંગળી લીલી | ૪૫૧ | ૭૧૫ |
| આદુ | ૧૬૨૬ | ૩૦૨૮ |
| મરચા લીલા | ૬૯૫ | ૯૮૮ |
| મકાઇ લીલી | ૧૮૨ | ૩૬૫ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૪૧ | ૧૯૪૬ |
| ઘઉં લોકવન | ૫૧૪ | ૫૮૨ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૭૮ |
| મગફળી જીણી | ૧૦૮૧ | ૧૩૫૦ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૫૧ |
| સિંગ ફાડીયા | ૧૨૦૧ | ૧૭૨૧ |
| એરંડા / એરંડી | ૧૨૯૬ | ૧૪૧૬ |
| તલ લાલ | ૨૪૬૧ | ૨૫૧૧ |
| જીરૂ | ૨૪૦૦ | ૪૦૦૧ |
| ક્લંજી | ૨૩૫૧ | ૩૬૦૧ |
| ધાણા | ૨૨૦૧ | ૩૦૩૧ |
| લસણ સુકું | ૧૦૦૧ | ૨૫૯૧ |
| ડુંગળી લાલ | ૧૧૧ | ૪૯૧ |
| અડદ | ૮૦૦ | ૧૬૭૬ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૮૧ |
| રાય | ૧૪૦૧ | ૧૭૯૧ |
| મેથી | ૧૧૭૬ | ૧૩૯૧ |
| કાંગ | ૬૫૧ | ૭૨૧ |
| મગફળી જાડી | ૧૦૨૧ | ૧૫૨૬ |
| તલ - તલી | ૧૮૭૬ | ૨૫૫૧ |
| ઇસબગુલ | ૨૦૫૦ | ૨૦૫૦ |
| ધાણી | ૨૩૦૧ | ૩૦૪૧ |
| બાજરો | ૪૪૧ | ૪૪૧ |
| જુવાર | ૧૧૩૧ | ૧૧૭૧ |
| મકાઇ | ૩૮૧ | ૩૮૧ |
| મગ | ૯૦૧ | ૧૭૫૧ |
| વાલ | ૩૧૧ | ૧૪૦૧ |
| વાલ પાપડી | ૧૬૫૧ | ૧૬૫૧ |
| ચોળા / ચોળી | ૬૫૧ | ૧૫૧૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૨૫૧ |
| રજકાનું બી | ૭૪૦૧ | ૭૪૦૧ |
| ગોગળી | ૮૦૧ | ૧૩૨૧ |
| વટાણા | ૫૦૦ | ૮૫૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૮૦ | ૮૦૦ |
| કાકડી | ૧૮૦ | ૮૦૦ |
| રીંગણા | ૮૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| તુવેર | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૨૩૮૦ | ૨૮૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૮ |
| કોથમીર પુરા | ૪ | ૬ |
| મૂળા પુરા | ૫ | ૧૫ |
| કાચા કેળા | ૧૦૦ | ૩૦૦ |
| પરવર | ૧૧૮૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૩૦ | ૭૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૬૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૮ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૮૪૦ | ૧૩૭૫ |
| શિંગદાણા ફાડા | ૧૬૦૦ | ૧૯૨૫ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૬૩૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૭૦૦ |
| તલ કાશમીરી | ૧૨૯૦ | ૨૧૯૦ |
| બાજરો | ૪૭૫ | ૫૨૫ |
| જુવાર | ૩૬૦ | ૧૨૧૫ |
| ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૬૫ |
| ઘઉં લોકવન | ૫૩૫ | ૫૫૫ |
| મગ | ૮૦૦ | ૧૫૭૫ |
| અડદ | ૧૧૫૦ | ૧૫૨૦ |
| ચણા | ૮૪૦ | ૧૨૪૫ |
| ચણા દેશી | ૧૨૨૫ | ૧૨૨૫ |
| સફેદ ચણા | ૭૯૦ | ૧૧૪૦ |
| તુવેર | ૮૯૫ | ૧૫૧૦ |
| કપાસ | ૮૦૦ | ૧૯૭૦ |
| નવો કપાસ | ૧૫૩૦ | ૧૫૫૫ |
| એરંડા | ૯૦૦ | ૧૩૬૦ |
| જીરૂ | ૨૬૨૦ | ૩૮૭૦ |
| રાય | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ધાણી | ૨૨૦૦ | ૩૦૦૦ |
| અજમા | ૫૧૦ | ૨૬૫૦ |
| મેથી | ૭૯૦ | ૧૨૧૫ |
| સોયાબીન | ૧૦૬૫ | ૧૩૪૦ |
| રજકાનું બી | ૧૦૦૦ | ૮૯૦૦ |
| વરીયાળી | ૧૪૩૦ | ૧૪૩૦ |
| સુવાદાણા | ૧૨૯૦ | ૧૨૯૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| રીંગણા | ૪૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૪૧૦ | ૪૭૦ |
| શકકરીયા | ૧૧૯૦ | ૧૩૨૦ |
| ટમેટાં | ૫૫૦ | ૬૫૦ |
| સુરણ | ૯૧૦ | ૯૮૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૬૨૦ | ૭૧૦ |
| ચિભડા | ૫૦૦ | ૯૦૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| શીંગઓળા | ૮૦૦ | ૧૧૦૦ |
| વટાણાં | ૨૭૫૦ | ૨૮૫૦ |
| ચોળા લીલા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૨૦ |
| ભીંડો | ૯૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| કોથમીર | ૭૦૦ | ૮૦૦ |
| મેથીભાજી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૭૨૦ | ૮૧૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૧૮૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સુકી | ૩૬૦ | ૫૬૦ |
| લસણ સુકું | ૧૫૫૦ | ૨૫૫૦ |
| પાલક | ૬૫૦ | ૭૮૦ |
| લીબુ | ૫૦૦ | ૬૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૫૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ દાણા | ૧૭૫૦ | ૨૦૧૫ |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૦૨ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૫૫૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૯૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૦૧ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૦ |
| બાજરો | ૪૦૦ | ૫૫૦ |
| જુવાર | ૬૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૧૨૦ | ૧૨૫૧ |
| તુવેર | ૧૪૦૦ | ૧૫૦૦ |
| એરડી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૨૭૦૦ | ૩૨૫૧ |
| સોયાબીન | - | ૧૩૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ઘઉં | ૪૭૫ | ૪૭૫ |
| તુવેર | ૧૨૬૦ | ૧૩૯૦ |
| શીંગ ફાડા | ૧૨૦૦ | ૧૫૪૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| મગફળી | ૧૧૭૦ | ૧૧૭૦ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૧ |
| શીંગદાણા | ૧૮૫૦ | ૧૯૧૫ |
| સોયાબીન | ૯૦૦ | ૧૨૭૨ |
| ચણા | ૧૦૯૦ | ૧૨૩૫ |
| રાય | ૧૧૬૫ | ૧૧૬૫ |
| તુવેર | ૧૦૯૦ | ૧૩૪૫ |
| મેથી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ધાણા | ૨૭૦૦ | ૩૦૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| જીરૂ | ૩૩૩૦ | ૩૮૫૧ |
| ચણા | ૧૧૬૦ | ૧૨૪૦ |
| ઘઉં | ૪૮૨ | ૫૩૨ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૮૫૧ |
| ઘઉં | ૪૫૧ | ૫૨૮ |
| બાજરો | ૪૫૧ | ૪૫૧ |
| ચણા | ૮૦૧ | ૧૨૩૧ |
| તુવેર | ૭૦૧ | ૧૪૩૬ |
| મગફળી | ૧૨૨૧ | ૧૨૨૧ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૧૮૭૬ |
| શિંગફાડા | ૧૬૨૬ | ૧૬૨૬ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૨૪૯૬ |
| મેથી | ૧૦૭૬ | ૧૦૭૬ |
| ધાણા | ૧૫૫૧ | ૨૮૯૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૨૫૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| એરંડા | ૧૨૮૬ | ૧૨૮૬ |
| જુવાર | ૪૪૦ | ૧૦૭૨ |
| બાજરી | ૩૫૦ | ૫૦૭ |
| ઘઉં ટુકડા | ૪૬૨ | ૫૭૯ |
| મગ | ૫૦૧ | ૫૦૧ |
| ચણા | ૯૫૦ | ૯૫૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૮૪ |
| તલ કાળા | ૨૦૦૧ | ૩૪૭૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૫૩૨ |
| ડુંગળી સફેદ | ૧૪૨ | ૪૧૧ |
| નાળીયેર | ૩૦૦ | ૨૫૦૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૨૦ |
| ઘઉં | ૪૭૦ | ૫૬૯ |
| જુવાર | ૯૦૦ | ૧૧૬૮ |
| અડદ | ૧૮૦૦ | ૧૯૦૦ |
| મગ | ૧૨૫૦ | ૧૬૪૫ |
| ચણા | ૧૦૨૦ | ૧૨૧૦ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૨૦૦ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૬૦૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૪૮ |
| રજકો | ૪૫૦૦ | ૧૦૨૨૫ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૧૧૦૦ | ૧૨૩૦ |
| બાજરી | ૩૫૦ | ૪૨૦ |
| ઘઉં | ૪૯૦ | ૫૪૧ |
| મગ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| અળદ | ૧૦૦૦ | ૧૪૨૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૨૭૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૪૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૩૧૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| એરડા | ૧૨૦૦ | ૧૩૯૫ |
| તલી | ૧૫૪૦ | ૨૪૮૦ |
| તલ કાળા | ૧૯૦૦ | ૩૫૭૦ |
| રાયડો | ૧૩૦૦ | ૧૫૦૦ |
| લસણ | ૧૧૭૫ | ૨૭૪૦ |
| કપાસ | ૧૩૬૦ | ૧૮૮૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૮૯૫ |
| અજમો | ૨૩૩૦ | ૩૮૫૦ |
| અજમા ની ભુસી | ૫૦ | ૨૭૯૦ |
| ધાણા-ધાણી | ૧૭૪૦ | ૨૮૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૬૦ |
| ડુંગળી નાસિક | ૪૦૦ | ૫૪૦ |
| શીંગદાણા | ૧૬૫૦ | ૧૯૯૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૯૦ |
| કલોંજી | ૧૫૧૦ | ૩૫૩૫ |

### રાજુલા

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૨૩૫૦ | ૨૫૫૯ |
| તલ કાળા | ૩૫૫૦ | ૩૫૫૦ |
| બાજરો | ૪૦૦ | ૫૧૭ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૪૦ |
| જુવાર | ૫૨૧ | ૧૨૨૫ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| શીંગદાણા | ૧૯૦૦ | ૧૯૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801


# રાજસ્થળીની દીકરીઓ દ્વારા સુરત ખાતે પ્રથમ 'સખી સ્નેહ મિલન' યોજાયું



રાજસ્થળી,તા.૦૭

રાજસ્થળી ગામની દીકરીઓ દ્વારા તાજેતરમાં સુરત ખાતે પ્રથમ 'સખી સ્નેહ મિલન સમારોહ'નું ભવ્ય અને ભાવાત્મક આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષો પછી બાળપણની સહેલીઓ એકસાથે એકત્ર થતાં સૌએ પોતાના બાળપણની અવિસ્મરણીય યાદો તાજી કરી આનંદની અનુભૂતિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન 'કેશુદાદાની દુકાન' વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. ગામની તમામ દીકરીઓ દ્વારા સ્વયં આયોજિત આ કાર્યક્રમમાં રાજસ્થળીના સરપંચ ગણપતભાઈ સેંજલિયા તેમજ પ્રવિણભાઈ સેંજલિયા, રમેશભાઈ નાકરાણી, ભરતભાઈ સેંજલિયા, સુરેશભાઈ સાવલીયા, રાજેશભાઈ સાંગાણી, સંજયભાઈ સાંગાણી, કલ્પેશભાઈ સેંજલીયા, અતુલભાઈ સાંગાણી અને મુકેશભાઈ વાઘાણી સહિતના ગ્રામજનોએ દાતાઓ તરીકે ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.આ નિમિત્તે ઉપસ્થિત અતિથિ વિશેષનું આયોજક બહેનો અને ગામની દીકરીઓ દ્વારા ભાવભર્યું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. અતિથિઓએ કાર્યક્રમના સફળ આયોજન બદલ તમામ દીકરીઓ અને આયોજકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉનામાં ૩૫ ગામોને ૧૫ ટકા વિવેકાધીન ગ્રાન્ટની ફાળવણી ન કરાયાનો આક્ષેપ



ઉના,તા.૦૭

ઉના તાલુકામાં વર્ષ ૨૦૨૬-૨૭ની ૧૫ ટકા વિવેકાધીન ગ્રાન્ટની ફાળવણીમાં ભેદભાવ અને અપારદર્શકતા હોવાના આક્ષેપ સાથે તાલુકા પંચાયત સભ્ય દક્ષાબેન શિંગડેએ લેખિત રજૂઆત કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે તાલુકાની ૭૭ ગ્રામ પંચાયતોમાંથી માત્ર ૪૨ ગામોને જ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, જ્યારે ૩૫ ગામોને બાકાત રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત બેઠકમાં સભ્યો દ્વારા આપવામાં આવેલા સૂચનો અને વિકાસ કામોની દરખાસ્તો કાર્યવાહી નોંધમાં સામેલ ન કરાયાનો પણ આરોપ લગાવ્યો છે.

બીજી તરફ, તાલુકા વિકાસ અધિકારી (TDO) કે.પી. ચાવડાએ તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે સ્પષ્ટતા કરી કે ગ્રાન્ટ તમામ ગામોના સંતુલિત વિકાસ માટે ફાળવવામાં આવી છે. દક્ષાબેન અને અન્ય સભ્ય દ્વારા રજૂ કરાયેલા ૨૬ વિકાસ કામોમાંથી ૧૩ કામોને આયોજનમાં સમાવીને રૂ. ૨૯ લાખના કામો ફાળવવામાં આવ્યા છે.

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા સુરત ખાતે ૧૭૧માં 'વિચારોના વાવેતર' કાર્યક્રમનું આયોજન કરાયું

સુરત,તા.૦૭

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે ૧૭૧માં 'વિચારોના વાવેતર' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યુ કે સુરતમાં કાપડ ઉદ્યોગનો ૪૦૦ વર્ષ જૂનો ઈતિહાસ છે અને દરરોજ ૫ કરોડ મીટરથી વધુ કાપડના ઉત્પાદન સાથે સુરત ભારતનું ગ્રોથ એન્જિન છે. અહીં કાપડ અને હીરા ઉદ્યોગ દ્વારા દેશભરના ૩૦ લાખ શ્રમિકોને રોજગારી મળે છે. આ પ્રસંગે સફળ સાહસિક જિગ્નેશભાઈ કાકડિયા, ૪૦૦થી વધુ બહેનોને રોજગારી આપનાર પ્રાંજલબેન ધામેલીયા તેમજ બ્રેઈનડેડ મનુભાઈના અંગદાનનો નિર્ણય લેનાર ડોબરિયા પરિવારનું બહુમાન કરાયું હતું. કાર્યક્રમનું સંકલન હાર્દિક ચાંચડ અને અંકિત સુરાણીએ કર્યું હતું.

# ઈશ્વરિયાની કલામ ઈનોવેટીવ સ્કૂલમાં 'લાયન્સ ક્વેસ્ટ' પ્રોગ્રામ હેઠળ સંવાદ અને પુસ્તક વિતરણ કાર્યક્રમ યોજાયો

ઈશ્વરીયા,તા.૦૭

ઈશ્વરિયાની કલામ ઈનોવેટીવ સ્કૂલમાં લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલ દ્વારા 'લાયન્સ ક્વેસ્ટ' (Lions Quest) પ્રોગ્રામ અંતર્ગત એક સેમિનાર યોજાયો હતો. ભાવિ પેઢીને માનસિક તથા સામાજિક રીતે સશક્ત બનાવવાના પ્રયાસરૂપે યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે ખાસ સંવાદ સાધવામાં આવ્યો હતો અને ઉપયોગી પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. લાયન્સ ક્વેસ્ટના માધ્યમથી વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો, જીવન કૌશલ્યો અને સંસ્કારોનું સિંચન થાય તે અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું



પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ J ના ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન હાર્દિક મહેતાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલના પાસ્ટ પ્રેસિડેન્ટ લાયન વિજય વસાણી, પ્રમુખ લાયન રાકેશ નાકરાણી, સેક્રેટરી લાયન રાજેશ ગઢીયા, ખજાનચી લાયન રોહિત મહેતા તેમજ ક્લબના સભ્યો લાયન ચેતન રાણપરિયા અને લાયન અમિત સુરેજા સહિતના હોદ્દેદારો અને સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના ભાચા ગામે ૩ દિવસની જહેમત બાદ દીપડો પાંજરે પુરાયો



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના,તા.૦૭

ઉના તાલુકાના ભાચા ગામના રામજી મંદિર નજીક આવેલા ગઢ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી દીપડાની અવરજવરને કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ હતો. દીપડો રહેણાંક વિસ્તાર સુધી આવી જતો હોવાથી વન વિભાગને જાણ કરવામાં આવી હતી.જસાધાર વન વિભાગે ગઢ વિસ્તારમાં ગોઠવેલા પાંજરામાં આખરે આજે વહેલી સવારે બચુભાઈ બારીયાના ઘર નજીક એક નર દીપડો પુરાઈ ગયો હતો. દીપડો પકડાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે. વન વિભાગની ટીમે દીપડાને જસાધાર એનિમલ કેર સેન્ટર મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# લીલીયા મોટા ખાતે સુન્ની મુસ્લિમ અને સૈયદ સમાજ દ્વારા આવેદનપત્ર પાઠવાયું

**અભદ્ર ટિપ્પણી કરનાર સતાર મૌલાના સામે કડક કાર્યવાહીની માંગ**



લીલીયા મોટા,તા.૦૭

લીલીયા મોટા ખાતે સુન્ની મુસ્લિમ જમાત અને સૈયદ સમાજ દ્વારા પોલીસને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. પોરબંદર ખાતે યોજાયેલા એક જાહેર કાર્યક્રમમાં અબ્દુલ સતાર હમદાણી ઉર્ફે સતાર મૌલાના દ્વારા સૈયદ જ્ઞાતિ, પૂર્વજો તેમજ મોહર્રમ અને તાજીયા અંગે અશોભનીય શબ્દપ્રયોગ કરવામાં આવતાં સમાજમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. પોરબંદરના તાજુસરિયા હોલમાં યોજાયેલા પ્રોગ્રામનું યુટ્યુબ પર લાઈવ પ્રસારણ કરીને સૈયદ પરિવારની લાગણીઓ દુભાવવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે. આ અંગે લીલીયા પીએસઆઈ વાય.એમ. જાડેજાને આવેદનપત્ર આપી સતાર મૌલાના સામે આઈ.ટી. એક્ટ અને અન્ય કલમો હેઠળ ગુનો નોંધવાની માંગ કરવામાં આવી છે.

# કોડીનાર તાલુકા પંચાયતના સેક્શન ઓફિસરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી



કોડીનાર,તા.૦૭

કોડીનારની ક્રિષ્નાપાર્ક સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા અને તાલુકા પંચાયતમાં સેક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા ૨૮ વર્ષીય રાહુલભાઈ પરમારે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. મૂળ વંથલીના ધણફુલીયા ગામના રાહુલભાઈ દોઢ મહિના પહેલા જ નોકરીએ જોડાયા હતા. સવારે ફોન ન ઉપાડતા અને નોકરી પર ગેરહાજર રહેતા તપાસ કરતા બારીમાંથી તેમનો મૃતદેહ લટકતો મળ્યો હતો.

ઘટનાસ્થળેથી પોલીસને ત્રણ સ્યુસાઈડ નોટ મળી છે, જેમાં તેમણે પોતે જ જવાબદાર હોવાનું લખ્યું છે. નોટમાં 'કોમલ' નામ અને 'લવ' શબ્દનો ઉલ્લેખ મળ્યો છે. પરિવારજનોના જણાવ્યા મુજબ કોમલ સાથે તેમની સગાઈ થઈ હતી, પરંતુ આ ઘટના સાથે તેના સંબંધ અંગે હજુ સુધી કોઈ પુષ્ટિ થઈ નથી.

રાહુલભાઈ પરિવારના એકમાત્ર પુત્ર અને આધારસ્તંભ હતા. તેમના પિતા નળ ફિટિંગનું કામ કરે છે. પોલીસે મૃતદેહને પેનલ પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ શરૂ કરી છે.

# અમદાવાદ-સોમનાથ વોલ્વો બસ સેવા વેરાવળ સુધી લંબાવવામાં આવતા મુસાફરોમાં આનંદ

વેરાવળ,તા.૦૭


એસ. ટી તંત્ર દ્વારા થોડા સમય અગાઉ અમદાવાદ-સોમનાથ વાયા ભાવનગર અને કોડીનાર બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ બસ ઊના કોડીનાર તરફથી આવતી હોવાથી વેરાવળ જવા ઈચ્છતા મુસાફરોને અગાઉ આ બસ સેવાનો લાભ મળી શકતો નહોતો. આ બસ શરૂ થતાં જ કોડીનારના અજીતભાઈ ચાવડાએ આ બસ સેવાને વેરાવળ સુધી લંબાવવા વોલ્વો ડેપો મેનેજર-અમદાવાદને લેખિત અને ટેલીફોનીક રજૂઆત કરી હતી. આ માંગણી મુસાફરો અને એસટી નિગમ બંનેના હિતાર્થે ખૂબ ઉપયોગી હોવાથી એસટી સતાવાળાઓ દ્વારા આ બસ સેવાને વેરાવળ લંબાવી છે. આ સુધારાથી ધોલેરા, ભાવનગર, મહુવા, રાજુલા પંથકના મુસાફરો માટે વેરાવળ જવા માટે વોલ્વો બસ સેવા ઊપલબ્ધ થઈ છે. આજ રૂટ પર ચાલતી અડાજણ સોમનાથ બસને પણ વેરાવળ સુધી લંબાવવા માગણી થઈ છે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર હરસુખભાઈ પોપટભાઈ સોજીત્રા જાહેર કરૂ છું કે મે મારૂ નામ હરસુખ પોપટ સોજીત્રા માંથી હરસુખભાઈ પોપટભાઈ સોજીત્રા બદલાવેલ છે.

સરનામુ :કુષ્ણપરા, સુરગેશ્વર રોડ, મું.વડીયા, તા.કુંકાવાવ, જી.અમરેલી, પીન નં.૩૬૫૪૮૦


# ઉનાના ગુંદાળા ગામમાં સિંહોએ બે ગાયોનુ મારણ કરતા ગ્રામજનોમાં ભય



ઉના,તા.૦૭

ઉના તાલુકાના ગુંદાળા ગામમાં મોડી રાત્રે સિંહ યુગલ ગામમાં ઘુસી આવતા બે ગાયોનુ મારણ કર્યુ હતુ. સિંહ અને સિંહણ અલગ અલગ શેરીઓમાં ફરતા જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતા ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો હતો. લોકોએ પોતાના પશુધનને સુરક્ષિત સ્થળે ખસેડ્યુ હતુ. ગામ જંગલની સરહદ નજીક આવેલ હોવાથી સિંહોની અવરજવર વારંવાર જોવા મળે છે.

# અમરેલીની કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં "નશામુક્ત ભારત શપથ" લેવાયા

અમરેલી,તા.૦૭





દેશના યુવાનોને નશાના દુષણથી મુક્ત કરવા સરકારે નશામુક્ત ભારત અભિયાન શરૂ કર્યું છે. તેને અનુલક્ષીને કે. કે. પારેખ કોમર્સ કોલેજ આજે "નશામુક્ત ભારત શપથ" ગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત તમામ વિદ્યાર્થીઓએ, કોલેજના તમામ શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓએ નશામુક્તીના શપથ લીધા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. એ. બી. ગોરવાડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના સીનીયર પ્રાધ્યાપક પ્રો. જે. એમ. તળાવીયા દ્વારા નશામુક્તીના શપથ લેવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે એન. એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. એ. જી. પટેલ, અને ટીમે જહેમત ઉઠાવી હતી.આ આયોજન બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, વિદ્યાસભાના નિયામક ડો. અતુલભાઈ પટેલ તેમજ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ સમગ્ર કોલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.


## જાહેર નોટીસ

## એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ઊના

અરજી નં.: ૨૩૧/૨૦૨૬
જન્મ તારીખ: ૧/૬/૨૦૦૦

સોસા લખીબેન ભીખાભાઈ,
રહે. નાઠેજ, ગામ-નાઠેજ, તાલુકો-ઊના જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.એન.શિયાળ ઊના ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી, નાઠેજ,
ગ્રામ પંચાયત કચેરી, નાઠેજ, તા. ઊના, જિલ્લો-ગીર સોમનાથ ..........સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સોસા લખીબેન ભીખાભાઈ, રહે. નાઠેજ, તાલુકો-ઊના, જિલ્લો-ગીર સોમનાથવાળાએ તેમના પુત્ર સોસા ચિંતન ભીખાભાઈનો જન્મ તારીખ : ૧/૬/૨૦૦૦ ના રોજ ઊના તાલુકાના નાઠેજ મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૧/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(ડી.કે. ભીમાણી)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ઉના

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૧૦૧/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી શિયાળ ધીરૂભાઈ કાનાભાઈ
સરનામું :- મુ. વિસળીયા તા. રાજુલા જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
– વ –
તલાટી કમ મંત્રીશ્રી – વિસળીયા
તા. રાજુલા જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી શિયાળ ધીરૂભાઈ કાનાભાઈએ તેમના પુત્રો (૧) શ્રી શિયાળ રાજદિપ ધીરૂભાઈનો જન્મ તા. ૨૮/૦૯/૨૦૧૨ તથા (૨) શ્રી શિયાળ જયદિપ ધીરૂભાઈનો જન્મ તા.૧૮/૦૮/૨૦૧૪ ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે મે સને:૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૧૧/૦૫/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં.૧૧૨/૨૦૨૬

અરજદારશ્રી :- શ્રી શારદાબેન ધનજીભાઈ ગેલાણી
સરનામું :- મુ. સાંજણાવાવ તા. રાજુલા જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :-જન્મ – મરણ નોંધણી અધિકારી
– વ –
તલાટી કમ મંત્રીશ્રી – સાંજણાવાવ
તા. રાજુલા જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના સાંજણાવાવ મુકામે ના શ્રી શારદાબેન ધનજીભાઈ ગેલાણીએ તેમના સંતાનો (૧) શ્રી ઘનશ્યામ ધનજીભાઈ ગેલાણીનો જન્મ તા. ૦૮/૦૭/૧૯૯૬ તથા (૨) શ્રી શૈલેષ ધનજીભાઈ ગેલાણીનો જન્મ તા.૧૧/૦૮/૧૯૯૧ ના રોજ રાજુલા તાલુકાના સાંજણાવાવ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે ૦૮ સને:૨૦૨૬ ના રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૫/૦૮/૨૦૨૬
(કોર્ટનો સિક્કો)
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## રાજુલાનામહે. એકઝીક્યુટિવમેજી. સાહેબનીકોર્ટમાં, મુ.રાજુલા

પરચ.અ.નં.૯૩/૨૦૨૫

અરજદારશ્રી :- ભગવાનભાઈ સુખાભાઈ ગુજરીયા
ઉ.વ.૫૬, ધર્મે હિન્દુ, ધંધો- મજુરી રહે. ચાંચ તા.રાજુલા જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી ચાંચ

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટિસથી જાહેર કરીએ છીએ કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામના શ્રી ભગવાનભાઈ સુખાભાઈ ગુજરીયા પિતા નામે સુખાભાઈ જસાભાઈ ગુજરીયાનો મરણ તારીખ : ૦૪/૧૨/૨૦૦૦ તથા માતા નામે દેવીબેન સુખાભાઈ ગુજરીયાનો મરણ તારીખ : ૧૫/૦૮/૨૦૧૦ ના રોજ ચાંચ મુકામે થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી નરશી વી. બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી કરેલ છે. તો આ કામના સદર નોંધ અંગે કોઈપણ ને કોઈ વાંધો, વિરોધ કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરી રૂબરૂ અથવા મુખત્યાર કે માહિતગાર કરેલ વકીલ મારફત વાંધા તથા વાંધા તથા પુરાવા રજુ કરવા જાણ કરવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

મુ. : રાજુલા.
તારીખ :
સહી.
તાલુકા એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ

# આગામી સમયમાં મહત્વનાં બિલ રજુ થવાના હોવાથી કોંગ્રેસે સાંસદો માટે વ્હીપ જારી કર્યો

**૧૦ થી ૧૨ ઓગસ્ટ દરમિયાન તમામ સાંસદોને ગૃહમાં હાજર રહેવા કડક આદેશ**



નવી દિલ્હી,તા.૦૭

સંસદના ચોમાસુ સત્ર દરમિયાન રાજકીય ગતિવિધિઓ ઝડપી બની છે. કોંગ્રેસ પાર્ટીએ લોકસભા અને રાજ્યસભાના પોતાના તમામ સાંસદો માટે ૧૦, ૧૧ અને ૧૨ ઓગસ્ટ માટે ત્રણ લાઈનનો કડક વ્હીપ જારી કરીને ગૃહમાં હાજર રહેવા આદેશ આપ્યો છે. આ ઉપરાંત 'ઈન્ડિયા' ગઠબંધનના સાથી પક્ષોને પણ સાંસદોની ૧૦૦% હાજરી સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે.

આગામી સપ્તાહમાં વિવાદાસ્પદ એફસીઆરએ (FCRA) સુધારા બિલ અને સીમાંકન સંબંધિત બિલ રજૂ થવાની સંભાવનાને પગલે વિપક્ષે આ વ્યૂહરચના અપનાવી છે. રાજ્યસભામાં કોંગ્રેસના મુખ્ય દંડક જયરામ રમેશે સાંસદોને સવારે ૧૧ વાગ્યાથી ગૃહ મુલતવી રહે ત્યાં સુધી હાજર રહી પક્ષના વલણને સમર્થન આપવા નિર્દેશ આપ્યો છે. વ્હીપનું અનાદર કરવા પર પક્ષીય કાર્યવાહી થઈ શકે છે.

# દેવ દરબાર જાગીર મઠનાં મહંત બળદેવગિરીની અટકાયત, પોલીસ દ્વારા પૂછપરછ શરૂ કરાઈ

બનાસકાંઠા,તા.૦૭

બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના ઓગડ સ્થિત દેવ દરબાર જાગીર મઠ સાથે જોડાયેલા અજમલ ચૌધરી અપહરણ અને મારપીટ કેસમાં પોલીસે મઠના મહંત બળદેવગિરીની અટકાયત કરી ડીસા પોલીસ સ્ટેશને પૂછપરછ શરૂ કરી છે. શરૂઆતની એફઆઈઆરમાં નામ ન હોવા છતાં ચૌધરી સમાજ દ્વારા તેમની સામે કડક કાર્યવાહીની માંગ સાથે પાલનપુર, રાધનપુર અને ધાનેરા સહિતના વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યા હતા.



ડીવાયએસપીના જણાવ્યા અનુસાર, આ કેસમાં અગાઉ ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ મળેલા નવા પુરાવાના આધારે મહંતની પૂછપરછ માટે અટકાયત કરવામાં આવી છે. ૧૧ જુલાઈના રોજ અજમલ ચૌધરીનું અપહરણ કરી મઠમાં લઈ જઈ મારપીટ કરવાનો વીડિયો વાયરલ થતાં થરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ મામલે ચૌધરી સમાજે શાંતિ જાળવવાની અપીલ સાથે જો યોગ્ય ન્યાય નહીં મળે તો ગાંધીનગર સુધી રેલી યોજવાની ચીમકી આપી છે.

# ડોક્ટરો અને ડાયગ્નોસ્ટિક સેન્ટરો વચ્ચેની 'કટ મની' સિસ્ટમ બંધ થવી જોઈએ: રાઘવ ચઢ્ઢા

નવી દિલ્હી,તા.૦૭

રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાએ સંસદમાં ડોકટરો અને ડાયગ્નોસ્ટિક સેન્ટરો વચ્ચે ચાલતી 'કટ મની' અને રેફરલ કમિશનની સિસ્ટમ સામે અવાજ ઉઠાવ્યો છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે કેટલાક ડોક્ટરો અને લેબ વચ્ચેના કમિશન સેટિંગના કારણે દર્દીઓના મેડિકલ બિલમાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો થઈ જાય છે. ડાયગ્નોસ્ટિક સેન્ટરો આ રકમને 'માર્કેટિંગ ખર્ચ' અને ડોક્ટરો 'રેફરલ કમિશન' ગણાવે છે. આ પ્રથા મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે, જેનાથી બિનજરૂરી ટેસ્ટનું પ્રમાણ પણ વધે છે. તેમણે દર્દીઓને ચોક્કસ લેબનો આગ્રહ રાખતા ડોકટરોથી સાવધ રહેવા જણાવ્યું છે અને સરકાર પાસે આ દૂષણ સામે કડક પગલાં ભરવાની માંગ કરી છે.

# પીએમ મોદી અને સુખબીર બાદલ વચ્ચેની મુલાકાતથી પંજાબમાં ગઠબંધનની અટકળો તેજ

નવી દિલ્હી,તા.૦૭

શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલે સંસદ ભવનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરતાં પંજાબના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. કૃષિ કાયદા વિરોધ સમયે ૨૦૨૦માં એનડીએથી અલગ થયેલા અકાલી દળ અને ભાજપ ફરી સાથે આવશે કે કેમ તેને લઈને



અટકળો શરૂ થઈ ગઈ છે. અકાલી દળના જણાવ્યા મુજબ, બાદલે પંજાબમાં કાયદો-વ્યવસ્થા અને ભ્રષ્ટાચારના મુદ્દે પીએમ સાથે ચર્ચા કરી હતી.

આ મુલાકાત બાદ ૨૦૨૭ની પંજાબ વિધાનસભા ચૂંટણીમાં સંભવિત ગઠબંધનને લઈને રાજકીય ચર્ચાઓ જાગી છે. બીજી તરફ આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલે સોશિયલ મીડિયા પર કટાક્ષ કરતા ગઠબંધનની શક્યતાઓ પર સવાલ ઉઠાવ્યા હતા. જોકે, બંને પક્ષો તરફથી ગઠબંધન અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

# દહીં હાંડી ઉત્સવ: મહારાષ્ટ્ર સરકાર ૧.૬૦ લાખ ગોવિંદાઓને રૂ. ૧૦ લાખ સુધીનું વીમા કવચ આપશે

મુંબઈ,તા.૦૭

મહારાષ્ટ્ર સરકારે દહીં હાંડી ઉત્સવ નિમિત્તે અંદાજે ૧,૬૦,૦૦૦ ગોવિંદાઓ માટે રૂ. ૧૦ લાખ સુધીના અકસ્માત વીમાની જાહેરાત કરી છે. માનવ ટાવર બનાવતી વખતે અકસ્માતે મૃત્યુ અથવા કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં પરિવારને રૂ. ૧૦ લાખ અને એક હાથ, પગ કે આંખ ગુમાવવા પર રૂ. ૫ લાખનું વળતર મળશે.

આ ઉપરાંત ઈજાગ્રસ્ત ગોવિંદાને હોસ્પિટલ સારવાર માટે મહત્તમ રૂ. ૧ લાખ સુધીની સહાય આપવામાં આવશે.

આ યોજનાનો લાભ ફક્ત મહારાષ્ટ્ર રાજ્ય ગોવિંદા એસોસિએશન દ્વારા નોંધાયેલા અને તાલીમ પામેલા ગોવિંદાઓને જ મળશે. આ તમામ પ્રીમિયમ ખર્ચ રાજ્ય રમતગમત વિકાસ ભંડોળ દ્વારા ઉઠાવવામાં આવશે.

# સુપ્રીમ કોર્ટની ટિપ્પણી બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં ગરમાવો, એકનાથ શિંદે દિલ્હી પહોંચ્યાં

મુંબઈ,તા.૦૭

શિવસેના પ્રતીક વિવાદ પર સુપ્રીમ કોર્ટની મહત્વપૂર્ણ ટિપ્પણી બાદ મહારાષ્ટ્રનું રાજકારણ ફરી ગરમાયું છે. સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન અવલોકન કર્યું હતું કે ધારાસભ્ય પક્ષ રાજકીય પક્ષથી અલગ રીતે કાર્ય કરી શકે નહીં અને ચૂંટણી પંચે માત્ર બહુમતી ધારાસભ્યોના આધારે





નિર્ણય લેવામાં ભૂલ કરી હોઈ શકે છે. આ ટિપ્પણી બાદ ઉદ્ધવ ઠાકરે જૂથમાં ધનુષ-બાણનું પ્રતીક પરત મળવાની આશા જાગી છે.

સ્થિતિને નિયંત્રિત કરવા માટે ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે તાત્કાલિક દિલ્હી પહોંચ્યા છે, જ્યાં તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સાથે બેઠક કરશે. તાજેતરમાં ઠાકરે જૂથ છોડીને શિંદે જૂથમાં જોડાયેલા સાંસદોએ પણ વડાપ્રધાન સાથે મુલાકાત કરી હતી. બીજી તરફ, પ્રશાંત કિશોરની સુનેત્રા પવાર સાથેની મુલાકાત બાદ એનસીપીમાં પણ નવી રાજકીય અટકળો શરૂ થઈ ગઈ છે.

# વિરોધ કરનારા યુવાનો 'રાષ્ટ્રવિરોધી' નથી : આરએસએસ વડા મોહન ભાગવત

નવી દિલ્હી, તા.૦૭

આરએસએસ વડા મોહન ભાગવતના વિદ્યાર્થી વિરોધ અંગેના નિવેદન બાદ કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકેએ તેમના ટીકાકારો પર પરાક્ષ રીતે પ્રહાર કર્યા છે. મોહન ભાગવતના નિવેદનને શેર કરતા તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'જેઓ સમજવા માંગે છે, તેમને સમજવા દો.' તેમનો



આ કટાક્ષ ભાજપના તે નેતાઓ તરફ હોવાનું મનાય છે જેમણે વિદ્યાર્થી આંદોલનને રાષ્ટ્રવિરોધી ગણાવ્યું હતું.

મુંબઈના એક કાર્યક્રમમાં મોહન ભાગવતે જણાવ્યું હતું કે આજના યુવાનો તાર્કિક જવાબો ઈચ્છે છે. જો તેઓ કોઈ મુદ્દા પર વિરોધ કરે તો તેમને રાષ્ટ્રવિરોધી ન કહી શકાય, તેમની ચિંતાઓ સાંભળવી જોઈએ. ઉલ્લેખનીય છે કે નીટ યુજી પેપર લીક અને શિક્ષણ સુધારા અંગે સીજેપીના નેતૃત્વમાં જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન થયું હતું, જે દરમિયાન ભાજપના નેતાઓએ વિરોધ પ્રદર્શનમાં રાષ્ટ્રવિરોધી તત્વો સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો.

# ભારત-ચીન સરહદી બાબતો પર WMCC ની ૩૬મી બેઠક નવી દિલ્હીમાં યોજાઈ

નવી દિલ્હી,તા.૦૭

ભારત-ચીન સરહદી બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી સમિતિ (WMCC) ની ૩૬મી બેઠક નવી દિલ્હી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં બંને દેશોએ વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પરની વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. દ્વિપક્ષીય સંબંધોના સકારાત્મક વિકાસ



માટે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જાળવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

બંને પક્ષોએ લશ્કરી અને રાજદ્વારી સંદેશાવ્યવહાર દ્વારા બાકીના સરહદી પ્રશ્નોનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા સંમતિ દર્શાવી હતી. ભારતે સરહદ પારની નદીઓ અંગેના ડેટા શેરિંગ અને તકનીકી માહિતી સમયસર પૂરી પાડવાના મહત્વ પર પુનરોચ્ચાર કર્યો હતો. આ બેઠકમાં ભારતીય ટીમનું નેતૃત્વ સુજીત ઘોષ અને ચીની ટીમનું નેતૃત્વ હૌ યાન્કીએ કર્યું હતું.

# દેશના યુવાનોને મોહન ભાગવત તરફથી કોઈ પ્રમાણપત્રની જરૂર નથી: પ્રિયંકા ગાંધી

નવી દિલ્હી,તા.૦૭

આરએસએસ વડા મોહન ભાગવતના યુવાનો (જનરલ ઝેડ) અંગેના નિવેદન પર કટાક્ષ કરતા કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ જણાવ્યું કે દેશના યુવાનોને તેમના કોઈ પ્રમાણપત્રની જરૂર નથી. કર્ણાટકના મંત્રી પ્રિયંક ખડગેએ પણ સંઘ અને ભાજપ પર ભાષા બદલીને નફરત ફેલાવવાનો આરોપ લગાવ્યો. જ્યારે સમાજવાદી પાર્ટીના



સાંસદ રામ ગોપાલ યાદવે કહ્યું કે જ્યારે પણ સરકાર મુશ્કેલીમાં મુકાય છે, ત્યારે આરએસએસનો સહારો લે છે.

# કાવેરી જળ વિવાદ સંવેદનશીલ મુદ્દો, તેના પર રાજકારણ ન થવું જોઈએ: સીએમ વિજય

ચેન્નઈ,તા.૦૭

તમિલનાડુના મુખ્યમંત્રી સી. જોસેફ વિજયે વિધાનસભામાં કાવેરી જળ વિવાદ પર સરકારનું વલણ સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે કાવેરી નદી રાજ્યની જીવાદોરી છે અને આ સંવેદનશીલ મુદ્દે રાજકારણ ન થવું જોઈએ. વિપક્ષી નેતા ઉદયનિધિ સ્ટાલિનના પ્રશ્નનો જવાબ આપતાં તેમણે કહ્યું કે સરકાર રાજ્યના અધિકારોનું



રક્ષણ કરવા માટે કાનૂની લડાઈ ચાલુ રાખશે, સાથે જ જો વાતચીતથી સકારાત્મક ઉકેલ આવતો હોય તો કર્ણાટક સાથે સીધી ચર્ચા કરવા પણ તૈયાર છે.

આ દાયકાઓ જૂના વિવાદમાં ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટે કર્ણાટકને વાર્ષિક ૧૭૭ ટીએમસી પાણી છોડવાનો નિર્દેશ આપ્યો હતો. આમ છતાં, પાણીની સપ્લાય અંગે વિવાદો થતા રહે છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું કે રાજ્યના હિતો સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં.


## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

મરણ રજી.નં. ૧૪/૨૦૨૬

શ્રી લાલજીભાઈ મોહનભાઈ કોગદીયા
રહે. બવાડી તા. લીલીયા જિ. અમરેલી ......અરજદાર

**વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-બવાડી ...... સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબતઃ- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી લાલજીભાઈ મોહનભાઈ કોગદીયાના પિતા મોહનભાઈ જિવાભાઈ કોગદીયાનું મરણ તા.૨૧/૦૫/૨૦૧૯ના રોજ બવાડી મુકામે થયેલ છે. અને તેમના મરણ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૧/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં. ૧૦૪/૨૦૨૬

શ્રી હીરાબેન વા/ઓફ ખીમજીભાઈ પડસાળીયા ડો/ઓફ જહાભાઈ ગમારા
રહે. મતિરાળા તા. લાઠી જિ. અમરેલી ......અરજદાર

**વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-આંબા ...... સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) અન્વયે જન્મ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી હીરાબેન ખીમજીભાઈ પડસાળીયાની ભત્રીજી રાધિકાબેન દેવાભાઈ ગમારા નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૦ના રોજ આંબા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૧/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં. ૧૦૨/૨૦૨૬

શ્રી શાંતિભાઈ મુળજીભાઈ સોલંકી
રહે. પીપળવા તા. લીલીયા જિ. અમરેલી ......અરજદાર

**વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-પીપળવા ...... સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) અન્વયે જન્મ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી શાંતિભાઈ મુળજીભાઈ સોલંકીનો પોતાનો જન્મ તા.૦૯/૦૫/૧૯૯૨ના રોજ પીપળવા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૧/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં. ૯૯/૨૦૨૬

શ્રી વિલાસબેન ડો/ઓફ વિઠ્ઠલભાઈ સિરોયા વા/ઓફ રાજેશભાઈ કાકડીયા
રહે. અમદાવાદ એ-૪૩, જ્યોતિ જાગૃતિ સોસા. ચમકચુનાની સામે,
ઠક્કરનગર, ટી.બી.નગર, અમદાવાદ-૩૮૨૩૫૦ ...... અરજદાર

**વિરૂધ્ધ :-**

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-આંબા ......સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) અન્વયે જન્મ નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી વિલાસબેન વિઠ્ઠલભાઈ સિરોયાનો પોતાનો જન્મ તા.૨૧/૧૨/૧૯૭૪ના રોજ આંબા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૦૧/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.


કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

# નવસારીમાં પ્રથમ વખત શહેરી વિસ્તારમાં લેપ્ટોસ્પાઈરોસીસનો કેસ નોંધાતા તંત્રમાં દોડધામ

નવસારી,તા.૭

દક્ષિણ ગુજરાતમાં ચોમાસાની શરૂઆત સાથે જ આરોગ્ય ક્ષેત્રે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. અત્યાર સુધી માત્ર ગ્રામીણ વિસ્તારો સુધી સીમિત મનાતો ગંભીર 'લેપ્ટોસ્પાયરોસિસ' રોગ હવે નવસારી શહેર સુધી પહોંચી ગયો છે. સિવિલ હોસ્પિટલના આર.એમ.




ઓ. ડૉ. વિરેન્દ્રસિંહે શહેરી વિસ્તારમાં આ રોગનો પ્રથમ પોઝિટિવ કેસ નોંધાયો હોવાની પુષ્ટિ કરી છે. પૂર અને ચોમાસા દરમિયાન રસ્તાઓ પર ભરાતા પાણી, ખુલ્લી ગટરો અને ઉંદરોના ઉપદ્રવને કારણે આ ચેપ શહેરમાં ફેલાયો છે. આ રોગ સંક્રમિત પ્રાણીઓના પેશાબથી દૂષિત થયેલા પાણી અને માટી મારફતે ફેલાય છે. અચાનક તીવ્ર તાવ, માથાનો અસહ્ય દુખાવો, આંખો લાલ થવી અને સ્નાયુઓમાં ખેંચાણ તેના પ્રારંભિક લક્ષણો છે. સમયસર સારવાર ન મળે તો લીવર અને કિડની જેવા અંગોને ગંભીર નુકસાન પહોંચી શકે છે. પ્રથમ કેસ સામે આવતા જ આરોગ્ય વિભાગે સર્વેક્ષણ અને દવાનો છંટકાવ શરૂ કર્યો છે.

તબીબોએ નાગરિકોને દૂષિત પાણીમાં ખુલ્લા પગે ન જવાની તથા ઉંદર નિયંત્રણ રાખવાની સલાહ આપી છે.

# ગુજરાત હાઈકોર્ટનો મોટો નિર્ણય: ૬૭ ડિસ્ટ્રિક્ટ, ૬૩ સિવિલ અને ૨૬ સિનિયર સિવિલ જજની બદલી

અમદાવાદ,તા.૦૭

ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્યની તાબાની અદાલતોમાં કાર્યરત ન્યાયાધીશોની મોટા પાયે આંતર-જિલ્લા બદલી અને બઢતીના મહત્વપૂર્ણ આદેશ બહાર પાડવામાં આવ્યા છે. આ નિર્ણય હેઠળ ૬૭ ડિસ્ટ્રિક્ટ જજ, ૨૬ સિનિયર સિવિલ જજ



અને ૬૩ સિવિલ જજની આંતર-જિલ્લા ફેરબદલી કરવામાં આવી છે. આ ઉપરાંત, ૭૯ જજને સિનિયર સિવિલ જજ તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે, જ્યારે ૫૭ જજને બઢતી સાથે નવી જગ્યાએ ટ્રાન્સફર કરાયા છે.અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા સહિતના મુખ્ય જિલ્લાઓમાં પણ સિવિલ તેમજ સિનિયર સિવિલ જજ કક્ષાએ વ્યાપક આંતરિક ફેરફાર કરાયા છે. હાઈકોર્ટના આદેશ અનુસાર, બદલી કે પ્રમોશન મેળવનારા તમામ ન્યાયાધીશોએ પોતાની વર્તમાન જગ્યાએથી છૂટા થઈને આગામી ૧૭ ઓગસ્ટ સુધીમાં નિયત થયેલી નવી નિમણૂકની જગ્યાએ હાજર થઈ હોદ્દાનો ચાર્જ સંભાળી લેવાનો રહેશે.

**અમરેલીના ડિસ્ટ્રીક્ટ જજ કુ.રીજવાના બુખારી ભાવનગર મૂકાયા, જ્યારે રાજેશ દેસાઈની અમરેલી બદલી**

# ગારીયાધારના જાળીયામાં શિક્ષકોની અછત મુદ્દે શાળાને તાળાબંધી: વાલીઓનો રોષ

ભાવનગર,તા.૦૭

ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના જાળીયા ગામે આવેલી પ્રાથમિક શાળામાં લાંબા સમયથી શિક્ષકોની ઘટ હોવાના કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર ગંભીર અસર પડી રહી છે. પૂરતા શિક્ષકોના અભાવે શૈક્ષણિક પ્રવૃત્તિઓ ખોરવાતાં ગ્રામજનો અને વાલીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે.શિક્ષકોની અછતથી નારાજ વિદ્યાર્થીઓ અને વાલીઓએ પ્રાથમિક શાળાને તાળાબંધી કરી વિરોધ નોંધાવ્યો હતો. ત્યારબાદ વાલીઓ ગારીયાધાર તાલુકા પંચાયત કચેરી ખાતે પહોંચ્યા હતા અને અધિકારીઓને આવેદનપત્ર આપીને રજૂઆત કરી હતી. વાલીઓએ બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખી શાળામાં તાત્કાલિક પૂરતા શિક્ષકોની નિમણૂક કરી નિયમિત અને ગુણવત્તાસભર શિક્ષણ સુનિશ્ચિત કરવાની માંગ કરી છે.

# ગુજરાત યુનિવર્સિટી ભરતી વિવાદમાં પૂર્વ કુલપતિના સમયના તમામ અધિકારીઓ સસ્પેન્ડ

અમદાવાદ,તા.૭

અહમદાબાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટીમાં પૂર્વ કુલપતિ નીરજા ગપ્તાના કાર્યકાળ દરમિયાન થયેલી ભરતીઓ અંગે વિવાદ વધુ ઘેરાયો છે. યુનિવર્સિટી તંત્રે તે સમયગાળામાં નિયમો નેવે મૂકીને નિમાયેલા તમામ ૧૦ અધિકારીઓ અને કર્મચારીઓને તત્કાલ અસરથી સસ્પેન્ડ કરી દીધા છે. તપાસ સમિતિના અહેવાલ બાદ તેમની



સેવાઓ કાયમી ધોરણે સમાપ્ત કરવા અંગે નિર્ણય લેવાશે. આ મામલે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP) દ્વારા કેમ્પસમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ABVPએ આરોપ લગાવ્યો છે કે નિયમોના ઉલ્લંઘનથી કરાયેલી આ ગેરકાયદે નિમણૂકોને કારણે યુનિવર્સિટીની તિજોરીને આશરે રૂ. ૧૦.૯૩ કરોડનું જંગી નુકસાન થયું છે. જૂના હંગામી કર્મચારીઓને દૂર કરીને પોતાના મનપસંદ લોકોને ગેરકાયદે રીતે ઊંચા પગારે નોકરી આપવામાં આવી હતી. સસ્પેન્ડ કરાયેલાઓમાં GUSECના CEO શ્રીનિવાસ રાઓ (રૂ. ૫ લાખ પગાર), પાવન પંડિત, બિશ્વજીત અધિકારી અને દિનેશ શર્મા સહિતના મુખ્ય અધિકારીઓ સામેલ છે. વિદ્યાર્થી પરિષદે તમામ દૂષિતો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

# ધંધુકા સિંચાઈ પ્રોજેક્ટમાં કરોડોની ગેરરીતિનો આક્ષેપ: CAG રિપોર્ટમાં ખુલાસો


અમદાવાદ,તા.૦૭

અમદાવાદના ધંધુકા વિસ્તારમાં ૩૨ ગામોની ૩૦ હજાર હેક્ટર જમીન માટેના સિંચાઈ પ્રોજેક્ટમાં ગંભીર ગેરરીતિનો આક્ષેપ થયો છે. CAG ના ઓડિટ રિપોર્ટ અનુસાર, નિર્ધારિત ધોરણો કરતાં અડધી ક્ષમતા ધરાવતી હલકી ગુણવત્તાવાળી પાઈપોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રોજેક્ટનું માત્ર ૬૮% કામ પૂર્ણ થયું હોવા છતાં અને અંદાજે રૂ. ૨૫ કરોડનું કામ બાકી હોવા છતાં, ૧૫ જૂન ૨૦૨૨ના રોજ કોન્ટ્રાક્ટરને કામ પૂર્ણ થયાનું સર્ટિફિકેટ આપી દેવાયું હતું. આ સમગ્ર કામગીરી માટે રૂ. ૪૭.૭૭ કરોડની ચૂકવણી કરવામાં આવી છે. નબળી પાઈપલાઈન તૂટવાના કારણે સિંચાઈના બદલે ખેતરોમાં પાણી ભરાતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. આ પ્રકરણમાં કોંગ્રેસે કરાર આધારિત નિવૃત્ત અધિકારીઓની ભૂમિકા સામે સવાલો ઉઠાવી તટસ્થ તપાસની માંગ કરી છે.

# અમદાવાદમાં વેપારીઓને શરતી રાહત: સીલ કરાયેલી દુકાનો ખુલશે, પણ ફટાકડા વેચવા પર મનાઈ

અમદાવાદ,તા.૦૭

અમદાવાદના રામોલમાં ફટાકડાની ફેક્ટરીમાં આગ લાગ્યા બાદ AMC દ્વારા સીલ કરાયેલી સિઝનલ દુકાનોને તહેવારો નિમિત્તે શરતી મંજૂરી આપવામાં આવી છે. વેપારીઓ હાલ માત્ર રાખડી અને અન્ય તહેવાર લક્ષી વસ્તુઓ જ વેચી શકશે. ફટાકડાના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.દુકાન ખોલતા પહેલા વેપારીઓએ ફટાકડા ન વેચવા અંગેનું બાંયધરી બોન્ડ AMC સમક્ષ રજૂ કરવું પડશે. ફટાકડા વેચવા માટે ત્રણ પ્રકારની મંજૂરી અને નવી ફાયર NOC મેળવવી ફરજિયાત રહેશે.



# સુરતમાં ચોખાની પાપડી પાછળ છુપાવેલો રૂ. ૪.૦૪ કરોડનો પોષ ડોડાનો જથ્થો ઝડપાયો

સુરત,તા.૦૭

સુરત શહેર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ને નશાના કારોબાર સામે એક મોટી સફળતા મળી છે. એલસીબીની ટીમે મળેલી ચોક્કસ બાતમીના આધારે એક્સપ્રેસ-વે પરથી પસાર થઈ રહેલા એક ટ્રકને રોકીને દરોડો પાડ્યો હતો. આ તપાસ દરમિયાન ટ્રકમાંથી અંદાજે રૂ. ૪.૦૪ કરોડની કિંમતનો પોષ



ડોડાનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.આરોપીઓએ પોલીસ તથા ચેકિંગ એજન્સીઓને શંકા ન જાય તે માટે ટ્રકમાં ભરેલી ચોખાની પાપડી પાછળ ચાલાકીપૂર્વક આ જથ્થો સંતાડ્યો હતો.પોલીસે રાજસ્થાનના ટ્રક ચાલકની અટકાયત કરીને ટ્રક સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધીને, નશીલો પદાર્થ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તે અંગે સમગ્ર સપ્લાય ચેઈનની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

# રાજકોટ જંગલેશ્વર ડિમોલેશનના ખર્ચ અંગે મનપા સામે ચોંકાવનારા આક્ષેપો



રાજકોટ,તા.૦૭

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં હાથ ધરાયેલા ડિમોલેશનના વાસ્તવિક ખર્ચને લઈને નવો રાજકીય વિવાદ સર્જાયો છે. મનપાની જનરલ બોર્ડની બેઠકમાં નગરસેવકોએ આક્ષેપ કર્યો છે કે મહાનગરપાલિકા દ્વારા ડિમોલેશનની સંપૂર્ણ વિગતો છુપાવવામાં આવી રહી છે. મનપાએ અગાઉ રૂ. ૨.૭૫ કરોડનો ખર્ચ દર્શાવ્યો હતો, પરંતુ વાસ્તવિક ખર્ચ રૂ. ૪ કરોડથી પણ વધુ થયો હોવાનો દાવો કરાયો છે. આંકડામાં તફાવત હોવાથી પારદર્શક તપાસની માંગણી ઉઠી છે. પૂર્વ તપાસ કમિટી સામે પણ સવાલો ઊભા થતાં, સચિવ કક્ષાના અધિકારીની અધ્યક્ષતામાં નિષ્પક્ષ તપાસ કરવાની રજૂઆત કરાઈ છે. હવે આ મામલે મનપાના ખુલાસા પર સૌની નજર ટકેલી છે. રાજકોટના જંગલેશ્વર ડિમોલેશન દરમિયાન થયેલા ખર્ચ અને તે અંગે ઊભા થયેલા વિવાદ વિશે વધુ જાણવા માટે જંગલેશ્વર ડિમોલેશન ખર્ચ પર વિવાદનો વીડિયો જુઓ, જે આ સમગ્ર મામલાનું વિગતવાર કવરેજ આપે છે.





